Wednesday
09.07.2025
✳Volume :9 ✳ Issue No.356
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

ગ્રામીણ સ્વ સહાય જૂથ-સખી મંડળોને લોન-ધિરાણ આપવાની પ્રક્રિયા સહકારી બેંકો સરળતા સાથે વેગવાન બનાવે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યની કો-ઓપરેટીવ બેંકોને ગ્રામીણ સ્વ સહાય જૂથ સખી મંડળો લોન-ધિરાણ આપવાની પ્રક્રિયામાં સરળતા સાથે વધુ ગતિ લાવવાનો અનુરોધ કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં સહકારી બેંકોના અધ્યક્ષો અને ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની તથા મહિલા-બાળ વિકાસ, ગ્રામ વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની સમીક્ષા બેઠકના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં આ અનુરોધ કર્યો હતો. ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ, સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તથા ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતીપણ આ બેઠકમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વ સહાય જૂથોની બહેનોને આત્મનિર્ભર બનાવવાનો જે નિર્ધાર કર્યો છે તેને આવા વધુ ને વધુ લોન-ધિરાણથી પાર પાડી શકાશે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, સ્વ સહાય જૂથો એવા નાના વ્યવસાય-રોજગાર કરનારા જૂથો હોય છે કે તેમને સહકારી બેંકો જેટલું વધુ ધિરાણ આપશે તેટલું ઉત્તમ કામ સેલ્ફ હેલ્પ ગ્રુપ કરી શકે. રાજ્યમાં ખેતી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૧.૭૯ લાખ, ઉત્પાદક અને વેપાર સાથે જોડાયેલા ૧૬૬૦૮ તથા અન્ય આજીવિકા સાથે જોડાયેલા ૬૯૭૩ મળીને સમગ્રતયા ૨.૮૪ લાખ ગ્રામીણ સ્વ સહાય જૂથો કાર્યરત છે. આ સ્વ સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન NRLM અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વધુમાં વધુ ૨૦ લાખ સુધીની લોન આપવાની જોગવાઈઓ છે. રાજ્ય સરકારની ગુજરાત લાઈવલી પ્રમોશન કંપની આહેતુસર ગ્રામીણ સ્વ સહાય જૂથોને લોન -ધિરાણ મેળવવામાં મદદરૂપ થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૫-૨૬ના આ વર્ષમાં ૮૨૦૦ સ્વસહાય જૂથોને ૧૨૪૦ કરોડના ધિરાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તેમાંથી ૧૩ હજારથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ધિરાણ આપી દેવામાં આવ્યા છે તેમ આ સમીક્ષા બેઠકમાં પ્રેઝન્ટેશન દરમિયાન જણાવવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે ગ્રામીણ સ્વ સહાય જૂથોને ત્વરાએ લોન ધિરાણ સરળતાએ મળી રહે તેવી સંવેદના દર્શાવતા સહકારી બેંકોને આવા લોન-ધિરાણ માટે કેમ્પના જિલ્લા સ્તરે આયોજન માટે પણ દિશાનિર્દેશો આપ્યા હતા. એટલું જ નહીં, આવા કેમ્પમાં આવેલી અરજીઓની ઝડપી સ્ક્રુટિની થવાથી લઈને ધિરાણ મળવા સુધીની પ્રક્રિયા રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના માર્ગદર્શનમાં વધુ વેગવાન બનાવવા તથા બેંકોને સ્વ સહાય જુથો પ્રત્યે ઉદારતા રાખીને બિન જરૂરી એક પણ અરજી ના મંજૂર ન થાય તે માટે તેમણે તાકીદ કરી હતી. આ માટેનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે તેની પણ બેઠકમાં પ્રાથમિક ચર્ચા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સહકારી બેંકોના ચેરમેનશ્રીઓ, એમ.ડી. અને પદાધિકારીઓને ખાસ આગ્રહ કર્યો કે, બહેનોને લોન-ધિરાણ મેળવવાની સમજ આપીને યોગ્ય તાલીમ માટેના વર્કશોપ-કેમ્પ પણ ક્લસ્ટર લેવલે યોજાય તે જરૂરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે કહ્યું કે, સ્વસહાય જૂથની બહેનો આર્થિક ઉપાર્જન સાથે પરિવારનો આધાર બની રહે છે માટે તેમને આવી લોન અપાય તો તેમના દ્વારા પુન: ભરપાઈની સુનિશ્ચિતતા છે જ એટલે સહકારી બેંકોને એન.પી.એ. થવાનો સંદેહ રાખવાની આવશ્યકતા નથી. તેમણે સહકારી બેંકોના અધ્યક્ષો અને રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓ વચ્ચે આવી સમીક્ષા બેઠક ગ્રામવિકાસ મંત્રીશ્રી કક્ષાએ નિયમિતપણે દર ત્રણ માસે યોજાય તેવું સૂચન પણ બેઠકમાં કર્યું હતું. સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ બેંકોના ચેરમેનશ્રીઓને

NRLM મિશનના ઉદ્દેશ્યો ઝડપથી સાકાર કરવામાં સહયોગી થવાના પ્રેરક સૂચનો કર્યા હતા. આ સમીક્ષા બેઠકમાં રાજ્યની સહકારી બેંકોના અધ્યક્ષો તથા નાણાં અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવશ્રીઓ, નાબાર્ડના ચીફ જનરલમેનેજર શ્રી બી.કે. સીંઘલ, SLBC નાકન્વિનર શ્રી અશ્વિની કુમાર, અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પહેલું રાજ્ય

ગુજરાત મેરીટાઈમ બોર્ડે ગુજરાત માટે ક્રૂઝ શિપિંગ પોલિસી બનાવવા કર્યું વર્કશોપનું આયોજન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ગુજરાત ભારતના ક્રૂઝ પર્યટન ક્ષેત્રે અગ્રેસર બનવા તૈયાર

કમલમ્, ગાંધીનગર

દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ સાથે ભારતમાં વિશ્વ કક્ષાનો ક્રૂઝ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યએ ૨,૩૪૦ કિમીનો દરિયાકિનારા અને સાબરમતી, નર્મદા જેવી નદીઓના વ્યૂહાત્મક મહત્વને ઓળખીને રાષ્ટ્રીય ક્રૂઝ એજન્ડાને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. ક્રૂઝ ભારત મિશન માટે ક્રૂઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB) ૯ મેએ એક-દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું જેમાં વિવિધ હિતધારકોએ હાજરી આપી હતી. GMB દ્વારા આયોજિત આ વર્કશોપમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચીફ નોટિકલ ઓફિસર (HQ) કેપ્ટન બંશીવા લાડવા, GMB ના વાઈસ ચેરમેન અને સીઈઓ શ્રી રાજકુમાર બેનીવાલ (IAS) એ મહત્વનું સંબોધન કર્યું હતું. તેમણે રાજ્યની વધી રહેલી દરિયાઈ ક્ષમતાઓ તેમજ ઊભરતા ક્રૂઝ ટુરિઝમ ક્ષેત્રની આર્થિક તકો પર ભાર મૂક્યો હતો.

ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસનો પાયો નાખવા માટેની નીતિ પર થઈ ચર્ચા

વર્કશોપના પ્રથમ સત્રમાં મેરીટાઈમ અને ટુરિઝમ નિષ્ણાતોની ઉપસ્થિતિમાં "નીતિ અને માળખાગત સુવિધા- ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસ માટે પાયો નાખવો" એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના સલાહકાર શ્રી રાજીવ જલોટાએ ક્રૂઝ ભારત મિશન હેઠળ વ્યૂહાત્મક લક્ષ્યોની રૂપરેખા આપી હતી, મુંબઈ પોર્ટ ઓથોરિટીના અધ્યક્ષ શ્રી સુશીલ કુમાર સિંહે બંદરોની તૈયારી અને સ્પષ્ટ બર્થિંગ પોલિસીની જરૂરિયાત પર ચર્ચા કરી હતી. FRRO, કોચીનના શ્રી કૃષ્ણરાજ આર. એ ઈમિગ્રેશન અને દરિયા કિનારાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાનકેન્દ્રિત કર્યું હતું, જ્યારે ગોવા ઈન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલના CEO શ્રી ગૌતમ ડેએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ્સ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો. ગુજરાતનો રોડમેપ રજૂ કરતાં શ્રી રાજકુમાર બેનીવાલે રોકાણને અનુરૂપ પોલિસીઓ બનાવીને વિશ્વ કક્ષાના ક્રૂઝ ટર્મિનલ માટે રાજ્યની યોજના વિશે માહિતી આપી હતી. ગુજરાત ટુરિઝમના મેનેજિંગ ડિરેક્ટર સુશ્રી સાઈદિંગપુઈ છાકછુઆક (IAS) એ મુસાફરો માટે ક્રૂઝ-રેડી સ્થળો અને ઓનશોર પ્રવાસન વિકસાવવા માટેની વ્યૂહરચના રજૂ કરી હતી. શ્રી કૃષ્ણરાજ આર. (IPS) એ કાર્યક્ષમ ઈમિગ્રેશન પ્રક્રિયાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પ્રવાસીઓના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટેકનોલૉજીના ઉપયોગની ભલામણ કરી હતી.

ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા અને વિઝન

બંદરો અને પરિવહન વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે ગુજરાતને એક અગ્રણી ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પુન:પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો વ્યાપક અભિગમ, તેની માળખાગત સુવિધાઓ, નીતિ અને પ્રવાસન વિકાસ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે. ત્યારબાદ વર્કશોપના પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન સહભાગીઓએ રાજ્ય માટે એક મજબૂત ક્રૂઝ નીતિ બનાવવા સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તો પેનલ સત્રમાં પેનલિસ્ટોએ હાલના પડકારોને સંબોધીને ભવિષ્યમાં ક્રૂઝ ક્ષેત્રે રહેલી સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર સહભાગીઓ અને ઉદ્યોગના દિગ્ગજો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે મહત્વનું માધ્યમ બન્યું હતું.

કોસ્ટલ ટુરિઝમને વેગ આપવા માટે પ્રસ્તાવિત ક્રૂઝ સર્કિટ

ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવા મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હઝીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે.

પ્રસ્તાવિત રૂટને ત્રણ ક્લસ્ટરમાં વિભાજિત કરવામાં આવ્યા છે:

- ★ પડાલા ટાપુ-કચ્છનું રણ
- ★ પોરબંદર-વેરાવળ-દીવ
- ★ દ્વારકા-ઓખા-જામનગર

દરેક ક્લસ્ટર પ્રવાસનને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવ્યું છે. ખાસ તો, એ ક્લસ્ટરના ૧૦૦ કિમીની અંદર મુખ્ય ધાર્મિક, નૈસર્ગિક અને સાંસ્કૃતિક સ્થળોનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે, જેથી ક્રૂઝ મુસાફરોને વધુ આકર્ષણ અને મનોરંજનના વિકલ્પો મળી રહે.

ગુજરાતમાં બનશે સમર્પિત ક્રૂઝ ટર્મિનલ, રાષ્ટ્રીય મિશનમાં આપશે યોગદાન

ઉલ્લેખનીય છે કે, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા ક્રૂઝ ભારત મિશનની શરૂઆત કરવામાં આવી હતી. આ મિશનનો ઉદ્દેશ આગામી દાયકામાં ભારતને વિશ્વ સ્તરનું ક્રૂઝ પર્યટન કેન્દ્ર બનાવવાનો છે અને ૨૦૨૯ સુધીમાં દરિયાઈ ક્રૂઝ પ્રવાસનને દસ ગણું વધારવાનો છે. દેશમાં મુંબઈ, કોચીન, ચેન્નઈ, અને મોર્મુગાઓ જેવા મુખ્ય બંદરોએ ક્રૂઝ ટર્મિનલ વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે ત્યારે ગુજરાત પણ ભવિષ્યમાં એક સમર્પિત ક્રૂઝ ટર્મિનલ બનાવીને રાષ્ટ્રીય મિશનમાં નોંધપાત્ર ફાળો આપશે. તાજેતરમાં આયોજિત વર્કશોપ આ દિશામાં મહત્વનું પગલું છે. આ વર્કશોપના માધ્યમથી ગુજરાત માટે એક વ્યાપક, કાર્યક્ષમ ક્રૂઝ ટુરિઝમ નીતિ ઘડાય તેવી અપેક્ષા છે. સ્પષ્ટ વિઝન, સરકારના સમર્થન અને વ્યૂહાત્મક માળખાગત યોજનાઓ સાથે ગુજરાત ભારતના ક્રૂઝ પર્યટન ક્ષેત્રે અગ્રેસર બનવા તૈયાર છે.

રાજ્યમાં માર્ગો-પુલો-હાઈવેની સ્થિતિની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા કરી

કામોમાં ગુણવત્તા જળવાય-પ્રજાજનોના જન જીવનમાં માર્ગોની મરામતોમાં વિલંબને કારણે રૂકાવટ ન આવે તે સુનિશ્ચિત કરવાના દિશાનિર્દેશો

- **ચોમાસા દરમિયાન જ્યાં નુકસાન થયું છે ત્યાં યુદ્ધના ધોરણે રીપેરીંગ કામ હાથ ધરીને સ્થિતિ પૂર્વવત કરવા મુખ્યમંત્રીશ્રીનું માર્ગદર્શન**
- **વરસાદ વગરનો કે ઓછો વરસાદ હોય તેવો એક પણ દિવસ વ્યર્થ ન જાય અને રીપેરીંગ કામગીરી ચાલુ રહે તે માટે તાકીદ કરતા મુખ્યમંત્રીશ્રી**
- **ડિફેક્ટ લાયાબિલિટી પિરિયડ દરમિયાન જે માર્ગો-પુલોને નુકસાન થાય તેવા કિસ્સામાં ઈજારદારની જવાબદારી ફિક્સ થવી જોઈએ**
- **નગરો મહાનગરોમાં વોટર લોગીંગ-અન્ડરબ્રીજમાં પાણી ભરાવા જેવી સમસ્યાના કાયમી નિવારણ માટે લાંબાગાળાના ઉપાયો યોજવા પ્રેરક સૂચન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

કમલમ્

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી હાઈવે અને ગ્રામીણ તથા શહેરી માર્ગોને જ્યાં નુકસાન થયેલું છે ત્યાં યુદ્ધના ધોરણે રિપેર કરીને રસ્તાઓ પુન: પુર્વવત બનાવવા તાકીદ કરી છે. વિકાસની ધોરીનસ અને નાગરિક જીવનમાં રોજિંદા યાતાયાત માટે અતિ મહત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરાય તેવા દિશાનિર્દેશો પણ મુખ્યમંત્રીશ્રીએ ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારો તેમજ નગરો-મહાનગરો સહિત નેશનલ હાઈવે, રાજ્ય ધોરીમાર્ગ, પંચાયત હસ્તકના માર્ગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટે વરસાદ બંધ થવાની રાહ ન જોવી જોઈએ. વરસાદ વગરનો કે ઓછો વરસાદ હોય તેવો એક પણ દિવસ વ્યર્થ ન જાય અને રજાનો દિવસ હોય તો પણ પ્રજાના હિતમાં રીપેરીંગ કામગીરી ચાલુ જ રહે તેવા દિશા નિર્દેશો મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં આપ્યા હતા. તેમણે કહ્યું કે, જે કામોમાં ડિફેક્ટ લાયાબીલીટી પિરિયડ દરમિયાન નુકસાન થયું હોય કે, મરામતની જરૂર પડી હોય તેવા કિસ્સામાં ઈજારદારની જવાબદારી ફિક્સ કરીને પગલાં લેવાવા જ જોઈએ. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એવી પણ તાકીદ કરી હતી કે કામો ગુણવત્તાયુક્ત થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. રાજ્યની મહાનગરપાલિકાઓ મ્યુનિસિપલ કમિશનરો આ બેઠકમાં વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ મહાનગરોમાં રસ્તા, અંડરબ્રિજ, વોટર લોગિંગ વગેરેની સમસ્યા જ્યાં છે ત્યાં ત્વરાએ મરામત કામગીરી હાથ ધરી શહેરોમાં પરિસ્થિતિ પૂર્વવત કરવા પણ સૂચનો કર્યા હતા. એટલું જ નહિ, શહેરોમાં આ સમસ્યાના લાંબાગાળાના નિવારણના ઉપાયો હાથ ધરવાનું આયોજન કરવા પણ એમણે સૂચવ્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ મરામત કામોમાં NHAI, માર્ગ મકાન વિભાગ, પંચાયત, નગરપાલિકાઓ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે સંકલન સાધીને ટીમવર્કથી કામગીરી માટેના સૂચનો પણ કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાવા, પુલો-નાળા કોઝવેને નુકસાન કે ડામર રોડને નુકસાન જેવી બાબતો તાત્કાલિક ધ્યાન પર લેવાવી જોઈએ. આ હેતુસર ગાંધીનગરમાં નિર્માણ ભવન ખાતે કાર્યરત ૨૪૮૭ કંટ્રોલ રૂમને માહિતી મળે કે તુરંત જ સંબંધિત અધિક્ષક, કાર્યપાલક, નાયબ ઈજનેરને સ્થળ પર જઈને મરામત માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમણે દિશાનિર્દેશો આપ્યા હતા. મુખ્યમંત્રી સમક્ષ રાજ્યના માર્ગો-પુલો - હાઈવેની પ્રવર્તમાન સ્થિતિ અંગે રજૂ કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં માર્ગમકાન વિભાગ દ્વારા વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. જે માર્ગોને વરસાદને કારણે અસર થઈ છે ત્યાં મોટા ભાગે સ્ટ્રકચર અને બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. ૨૪૩ જેટલા પુલો પર આવી કામગીરી હાથ ધરી તેના ડાયવર્ઝનનું સતત મોનિટરિંગ કરાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ હાઈવેની સ્થિતિ અંગે NHAIના અધિકારીઓએ કહ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન નેશનલ હાઈવેને જે ૮૩ કિ.મી.માં નુકસાન થયું છે તેમાંથી ૫૮ કિલોમીટરમાં મરામત કામ પૂર્ણ થયું છે અને બાકીના ૨૫ કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે, રાજ્ય સરકાર નાગરિકોના જનજીવનમાં માર્ગોની મરામતોમાં વિલંબને કારણે કોઈ રૂકાવટ આવે નહીં અને કામો સમયબદ્ધ ગુણવત્તાયુક્ત ધોરણે થાય તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. આ માટે સંબંધિત વિભાગો પણ તત્કાલ મરામત કામો હાથ ધરીને લોક અપેક્ષા સંતોષે તેવી સૂચના તેમણે આપી હતી. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ.એસ.રાઠૌર, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, કમિશનર ઓફ મ્યુનિસિપાલીટીઝ સુશ્રી રેમ્યા મોહન, મુખ્ય મંત્રીશ્રીના ઓ.એસ.ડી. શ્રી ધીરજ પારેખ, માર્ગ-મકાન સચિવ શ્રી પ્રભાત પટેલિયા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એક રાષ્ટ્ર, એક ચૂંટણી એ સમગ્ર દેશના હિતમાં અને તે દીવા જેવું સત્ય છે – મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ

ઘાટલોડિયા વિધાનસભા મતક્ષેત્રમાં "વન નેશન, વન ઇલેક્શન" સંદર્ભે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું







–:મુખ્યમંત્રી શ્રી:–

- **વન નેશન વન ઇલેક્શન અંગે સમાજમાં પબ્લિક ડિસ્કોર્સ થવો જોઈએ**
- **પ્રબુદ્ધ નાગરિકો સમાજમાં અગ્રણી ભૂમિકા ભજવી શકે છે અને તેમનો મત બહુમૂલ્ય**

કમલમ્

અમદાવાદમાં ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા ઘાટલોડિયા વિધાનસભા મતક્ષેત્રમાં "વન નેશન, વન ઇલેક્શન" (એક રાષ્ટ્ર, એક ચૂંટણી) વિષય અંગે જનજાગૃતિ લાવવા માટે એક પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી, એક રાષ્ટ્ર, એક ચૂંટણીના મહત્વ અને તેની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, "એક રાષ્ટ્ર, એક ચૂંટણી એ સમગ્ર દેશના હિતમાં છે અને તે દીવા જેવું સત્ય છે. આ વિષય અંગે જાહેર ચર્ચા (પબ્લિક ડિસ્કોર્સ) થવી અત્યંત જરૂરી છે." તેમણે પ્રબુદ્ધ નાગરિકોને લોકશાહીમાં સર્વસંમતિના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, "જેમ આપણે વડીલોની શ્રદ્ધાથી ભગવાનને નમીએ છીએ, તેમ પ્રબુદ્ધ નાગરિકો સમાજમાં અગ્રણી ભૂમિકા ભજવી શકે છે અને તેમનો મત બહુમૂલ્ય છે. સમાજના પ્રબુદ્ધ નાગરિકોએ વન નેશન, વન ઈલેક્શન માટે સર્વમત ઊભો કરવામાં મહત્વની ભૂમિકા ભજવવાની છે. મુખ્યમંત્રીશ્રીએ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આવતી વહીવટી અને શૈક્ષણિક ક્ષેત્રની સમસ્યાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે, "ચૂંટણી દરમિયાન સમગ્ર સરકારી તંત્ર, દરેક કર્મચારી અને અધિકારી ચૂંટણીના કામમાં વ્યસ્ત થઈ જાય છે, જેના કારણે અન્ય મહત્વના કાર્યો અટકી પડે છે. શિક્ષકોને પણ શિક્ષણ જેવા મહત્વના કામ છોડીને ચૂંટણી ફરજ નિભાવવી પડે છે, જે શિક્ષણ કાર્યને અસર કરે છે. આ તમામ સમસ્યાઓનું નિરાકરણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન નેશન, વન ઈલેક્શનના માધ્યમથી આપ્યું છે. આ ઉપરાંત, ચૂંટણી દરમિયાન થતા મોટા ખર્ચ અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અધિકારીઓને ફરજ પર મોકલવામાં થતા ખર્ચ ઘટાડવા માટે પણ એક રાષ્ટ્ર, એક ચૂંટણી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વની પ્રશંસા કરતા જણાવ્યું કે તેઓ "પાણી પહેલા પાળ બાંધવી" અને સમય પહેલા સમસ્યાઓનો ઉકેલ શોધવામાં માને છે. તેમણે 'કેચ ધ રેઈન' જેવા પ્રકલ્પને પણ આ વિઝનનું ઉદાહરણ ગણાવ્યું. ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ સંયોજક ડૉ. અનિલ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૧૪ પછી ભારત બદલાવની અનુભૂતિ કરી રહ્યું છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા માટે જે કામગીરી થઈ છે, તેમાં વન નેશન, વન ઈલેક્શન એક મહત્વનો પડાવ છે. તેમણે વડાપ્રધાનશ્રી દ્વારા દેશને અપાયેલા "વન નેશન, વન રાશન", "વન નેશન, વન કોન્સ્ટિટ્યુશન" અને "વન નેશન, વન ટેક્સ" જેવા મહત્વના આયામોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે રાષ્ટ્રીય નીતિરીતિને એકરૂપતા આપે છે. ડૉ. અનિલ પટેલે વધુમાં ઉમેર્યું કે, નીતિ આયોગ, ઈલેક્શન કમિશન, લૉ કમિશન, ન્યાયાલયો અને પાર્લામેન્ટરી કમિટી જેવી દેશની મહત્વની વૈધાનિક સંસ્થાઓએ પણ "એક રાષ્ટ્ર, એક ચૂંટણી"ની હિમાયત કરી છે.

આ સંમેલનમાં ઘાટલોડિયા વિધાનસભા વિસ્તાર સહિત અમદાવાદના અનેક પ્રબુદ્ધ નાગરિકો, શ્રેષ્ઠીઓ અને વ્યવસાયિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આ મહત્વપૂર્ણ વિષય પર વિસ્તૃત ચર્ચામાં ભાગ લીધો હતો.

તંત્રી સ્થાનેથી......

ગુજરાત અને રાજસ્થાનમાં મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને અસર કરતા મુખ્ય મુદ્દાઓની સમીક્ષા કરવા માટે ૦૩.૦૭.૨૦૨૫ના રોજ એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપ (PMG) મિકેનિઝમ દ્વારા અવરોધોને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ૧૮ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ સાથે સંબંધિત કુલ ૨૨ મુદ્દાઓ - જેનું સામૂહિક મૂલ્ય ૩૬,૨૯૬ કરોડથી વધુ છે - ચર્ચા માટે લેવામાં આવ્યા હતા. ચર્ચા કરાયેલી મુખ્ય પહેલોમાં રાજસ્થાન અને ગુજરાતમાં સૌર ઊર્જા ઝોનમાંથી વીજળી ખાલી કરવા માટે ટ્રાન્સમિશન સિસ્ટમ મજબૂતીકરણ યોજનાનો સમાવેશ થાય છે, જેમાં ૧૪,૧૪૭ કરોડનું રોકાણ કરવાનો અંદાજ છે. આ યોજનાનો ઉદ્દેશ્ય સબસ્ટેશન અને ટ્રાન્સમિશન લાઈન સહિત ઉચ્ચ-ક્ષમતાવાળા ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરીને રાષ્ટ્રીય ગ્રીડમાં નવીનીકરણીય ઊર્જાના સીમલેસ એકીકરણને સરળ બનાવવાનો છે. રાજસ્થાનમાં, આ યોજના જેસલમેર, બિકાનેર અને બાડમેરમાં સૌર ઝોનને લક્ષ્ય બનાવે છે. જ્યારે ગુજરાતમાં, સુરેન્દ્રનગર, પાટણ અને કચ્છનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ નવીનીકરણીય ઊર્જાથી સમૃદ્ધ પ્રદેશોમાંથી સૌર ઊર્જાને ખાલી કરવા અને તેને સમગ્ર ભારતમાં વપરાશ કેન્દ્રો સુધી વિશ્વસનીય રીતે પહોંચાડવા માટે મહત્વપૂર્ણ છે. બેઠકમાં રાઈટ-ઓફ-વે (RoW) અને પ્રગતિને વેગ આપવા માટે જમીન સંપાદન જેવા મુખ્ય પડકારોને સંબોધવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બેઠકમાં રિલાયન્સ જિયોના 5G/4G નેટવર્ક વિસ્તરણ પ્રોજેક્ટની પણ સમીક્ષા કરવામાં આવી હતી. જેને રાષ્ટ્રીય મહત્વના પ્રોજેક્ટ તરીકે માન્યતા આપવામાં આવી હતી. આ પહેલ 5G મોબાઈલ સેવાઓને અનકવર અને દૂરના વિસ્તારોમાં વિસ્તારવાનો પ્રયાસ કરે છે, જ્યારે હાલના 4G ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ મજબૂત બનાવે છે. વન-સંબંધિત મુદ્દાઓના નિરાકરણને ઝડપી બનાવવા માટે રાજ્ય સરકાર સાથે ચર્ચા કરવામાં આવી હતી. એકવાર પૂર્ણ થયા પછી, આ પ્રોજેક્ટ ડિજિટલ કનેક્ટિવિટીમાં ખાસ કરીને દૂરના અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પ્રદેશોમાં નોંધપાત્ર સુધારો કરશે. આ બેઠકનું અધ્યક્ષપદ સંભાળતા ઉદ્યોગ અને આંતરિક વેપાર વિભાગ (DPIIT) ના મુખ્ય આર્થિક સલાહકાર શ્રી પ્રવીણ મહતોએ પ્રોજેક્ટ મોનિટરિંગ માટે સંસ્થાકીય માળખાને મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પુનઃ પુષ્ટિ આપી. તેમણે સંબંધિત અધિકારીઓને બાકી રહેલા મુદ્દાઓના ઉકેલ માટે સક્રિય અભિગમ અપનાવવાનો નિર્દેશ આપ્યો હતો. શ્રી મહતોએ અમલીકરણને વેગ આપવા માટે પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપ (PMG) પ્લેટફોર્મ (https://pmg.dpiit.gov.in/) નો સક્રિયપણે ઉપયોગ કરવાના ખાનગી પ્રોજેક્ટ સમર્થકોના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે પ્રોજેક્ટ સંબંધિત ચિંતાઓના સમયસર અને કાર્યક્ષમ નિરાકરણ માટે કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો અને ખાનગી હિસ્સેદારો વચ્ચે અસરકારક સંકલન જરૂરી છે. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો અને મુખ્ય પ્રોજેક્ટ સમર્થકોના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી, જે સહયોગી માળખાગત વિકાસ પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આપણા બંધારણની પ્રસ્તાવના એવા સમયે બદલાઈ ગઈ હતી જ્યારે સેંકડો અને હજારો લોકો જેલના સળિયા પાછળ હતા - ઉપરાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ એકમાત્ર બે બંધારણીય પદો છે જે બંધારણના સંરક્ષણ, રક્ષણ અને બચાવ માટે શપથ લે છે - ઉપરાષ્ટ્રપતિ

આપણા ન્યાયતંત્રને ગંભીર રીતે નુકસાન પહોંચાડતા ન્યાયાધીશો માટે નિવૃત્તિ પછીના પદો નક્કી કરો અને પસંદ કરો - ઉપરાષ્ટ્રપતિ

હું ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે છું; આપણી પોતાની સંસ્થાઓમાં રહેલા અસુવિધાજનક સત્યોનો સામનો કરવાની હિંમત હોવી જોઈએ - ઉપરાષ્ટ્રપતિ

કમલમ્,

ઉપરાષ્ટ્રપતિ, શ્રી જગદીપ ધનખરે કહ્યું હતું કે, "બંધારણીય જોગવાઈના સંદર્ભમાં ન્યાયાધીશ સાથે વ્યવહાર કરવાની બંધારણીય પદ્ધતિ સાથે આગળ વધવું એ એક રસ્તો છે, પરંતુ તે ઉકેલનથી કારણ કે આપણે લોકશાહી હોવાનો દાવો કરીએ છીએ જે આપણે છીએ. દુનિયા આપણને એક પરિપક્વ લોકશાહી તરીકે જુએ છે જ્યાં કાયદાનું શાસન હોવું જોઈએ, કાયદા સમક્ષ સમાનતા હોવી જોઈએ. જેનો અર્થ છે કે દરેક ગુનાની તપાસ થવી જોઈએ. જો પૈસા આટલા મોટા પ્રમાણમાં હોય, તો આપણે શોધવું પડશે. શું તે દૂષિત પૈસા છે? આ પૈસાનો સ્ત્રોત શું છે? કેવી રીતે તે કોઈ ન્યાયાધીશના સત્તાવાર નિવાસસ્થાનમાં સંગ્રહિત હતું? તે કોનું હતું? આ પ્રક્રિયામાં અનેક દંડની જોગવાઈઓનું ઉલ્લંઘન થાય છે. મને આશા છે કે FIR નોંધવામાં આવશે. આપણે આ મામલાના મૂળ સુધી જવું જોઈએ કારણ કે લોકશાહી માટે તે મહત્વનું છે, કે આપણી ન્યાયતંત્ર, જેના પર વિશ્વાસ અટલ છે, તેના પાયા હચમચી ગયા છે. આ ઘટનાને કારણે કિલ્લો ધ્રૂજી રહ્યો છે. આજે નેશનલ યુનિવર્સિટી ઓફ એડવાન્સ લીગલ સ્ટડીઝ (NUALS)ના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે વાતચીત કરતા, શ્રી ધનખરે શેક્સપિયરના પ્રખ્યાત નાટક "જુલિયસ સીઝર"નો ઉલ્લેખ કરતા કહ્યું, "મારા યુવાન મિત્રો, જો તમે Ides of March વિશે સાંભળ્યું હશે. તમારામાંથી જેમણે જુલિયસ સીઝર વાંચ્યું હશે. જ્યાં ભવિષ્યવેત્તાએ સીઝરને ચેતવણી આપી હતી, તો Ides of March (પૌરાણિક રોમન કેલેન્ડરમાંનો દિવસ જે કમનસીબી સાથે સંકળાયેલ છે)થી સાવધ રહો. અને જ્યારે સીઝર મહેલથી કોર્ટરૂમ તરફ જઈ રહ્યો હતો ત્યારે તેણે ભવિષ્યવેત્તાને જોયો અને તેણે કહ્યું- Ides of March આવી ગયો છે. અને ભવિષ્યવેત્તાએ કહ્યું, હા, પણ ગયો નહીં, અને દિવસ પૂરો થાય તે પહેલાં, સીઝરની હત્યા કરવામાં આવી હતી. Ides of March દુર્ભાગ્ય અને વિનાશ સાથે સંકળાયેલ છે. આપણા ન્યાયતંત્રમાં ૧૪ અને ૧૫ માર્ચની રાત્રે Ides of March હતો, એક ભયંકર સમય હતો! ન્યાયાધીશના નિવાસસ્થાને મોટી માત્રામાં રોકડ હતી. હું આમ કહું છું કારણ કે તે હવે જાહેર ક્ષેત્રમાં છે, જે સુપ્રીમ કોર્ટ દ્વારા સત્તાવાર રીતે રજૂ કરવામાં આવ્યું છે કે હાઈકોર્ટના ન્યાયાધીશના સત્તાવાર નિવાસસ્થાનમાંથી મોટી માત્રામાં રોકડ મળી આવી હતી. હવે મુદ્દો એ છે કે, જો તે રોકડ...જો જાણવા મળ્યું કે, સિસ્ટમ તાત્કાલિક આગળ વધી શકી હોત અને પહેલી પ્રક્રિયા એ હોત કે તેને ગુનાહિત કૃત્ય તરીકે ગણવામાં આવે. દોષિતોને શોધી કાઢો. તેમને ન્યાય અપાવો. પરંતુ અત્યાર સુધી, કોઈ FIR દાખલ થઈ નથી. કેન્દ્રીય સ્તરે સરકાર નિષ્ક્રિય છે કારણ કે ૯૦ના દાયકાની શરૂઆતમાં સુપ્રીમકોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને FIR નોંધી શકાતી નથી. વિદ્યાર્થીઓને સમસ્યાઓનો સામનો કરવાની હિંમત રાખવા માટે પ્રોત્સાહિત કરતા તેમણે ભાર મૂક્યો, "આપણી પાસે સમસ્યાઓનો સામનો કરવાની હિંમત હોવી જોઈએ. આપણે નિષ્ફળતાઓને તર્કસંગત ન બનાવવી જોઈએ. આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણે એવા રાષ્ટ્રના છીએ જેણે વૈશ્વિક કથાને વ્યાખ્યાયિત કરવી પડશે. આપણે એવી દુનિયાના શિલ્પી બનવું પડશે, જે શાંતિ અને સુમેળમાં રહે છે. આપણી પોતાની સંસ્થાઓમાં અસ્વસ્થતાભર્યા સત્યોનો સામનો કરવાની હિંમત હોવી જોઈએ... હું ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે છું. હું ન્યાયાધીશોનું રક્ષણ કરવાનો મજબૂત સમર્થક છું. ન્યાયાધીશો ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરે છે. તેઓ કારોબારી વિરુદ્ધ કેસોનો નિર્ણય લે છે. તેઓ ચોક્કસ ક્ષેત્રોમાં કામ કરે છે જ્યાં વિધાનસભા મહત્વપૂર્ણ છે. આપણે આપણા ન્યાયાધીશોને વ્યર્થ મુકદ્દમાથી બચાવવા જોઈએ. તેથી હું વિકસિત મિકેનિઝમની વિરુદ્ધ નથી, પરંતુ જ્યારે આવું કંઈક થાય છે. કેટલીક બાબતો ચિંતાજનક હોય છે!" "તાજેતરમાં ન્યાયતંત્રમાં અશાંતિભર્યો સમય હતો. પરંતુ સારી વાત - અને સુખદ - એ છે કે એક મોટો ફેરફાર થયો છે. આપણે હવે ન્યાયતંત્ર માટે સારો સમય જોઈ રહ્યા છીએ, વર્તમાન મુખ્ય ન્યાયાધીશ અને તેમના તાત્કાલિક પુરોગામીએ આપણને જવાબદારી અને પારદર્શિતાનો એક નવો યુગ આપ્યો. તેઓ વસ્તુઓને પાટા પર લાવી રહ્યા છે. પરંતુ પહેલાના બે વર્ષ ખૂબ જ ખલેલ પહોંચાડનારા, ખૂબ જ પડકારજનક હતા. સામાન્ય વ્યવસ્થા સામાન્ય નહોતી. વિચાર્યા વિના, ઘણા પગલાં લેવામાં આવ્યા હતા - તેમને પૂર્વવત કરવામાં થોડો સમય લાગશે. કારણ કે તે ખૂબ જ મૂળભૂત છે કે સંસ્થાઓ શ્રેષ્ઠ કામગીરી સાથે કાર્ય કરે", તેમણે ઉમેર્યું હતું. "આપણા દેશના ન્યાયતંત્ર પર લોકોનો અપાર વિશ્વાસ અને અપાર આદર છે. લોકો ન્યાયતંત્રમાં એટલો વિશ્વાસ નથી રાખતા જેટલો અન્ય કોઈ સંસ્થામાં નથી. જો તેમનો વિશ્વાસ ડગમગી જશે - સંસ્થામાં ડગમગશે - તો આપણે એક ગંભીર પરિસ્થિતિનો સામનો કરીશું. ૧.૪ અબજ લોકોનો દેશ તેનાથી પીડાશે", તેમણે વધુમાં ઉમેર્યું હતું. ન્યાયાધીશો માટે નિવૃત્તિ પછીના કાર્યો અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે ભારપૂર્વક કહ્યું કે, "કેટલાક બંધારણીય અધિકારીઓને તેમના પદ પછી કાર્યો રાખવાની પરવાનગી નથી. જેમ કે જાહેર સેવા આયોગના સભ્ય સરકાર હેઠળ કોઈ કાર્યભાર સંભાળી શકતા નથી. ઝછ૨ તે કાર્યભાર સંભાળી શકતા નથી. મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરો તે કાર્યભાર સંભાળી શકતા નથી. કારણ કે તેઓ સ્વતંત્ર હોવા જોઈએ, પ્રલોભન અને લાલચનો ભોગ બનેલા ન હોવા જોઈએ. આ ન્યાયાધીશો માટે નહોતું. શા માટે? કારણ કે ન્યાયાધીશો તેનાથી સંપૂર્ણપણે દૂર રહેવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. અને હવે આપણે નિવૃત્તિ પછી, ન્યાયાધીશો માટેનું કાર્યભાર સંભાળી રહ્યા છીએ. શું હું સાચો છું? અને બધાને સમાવી શકાતા નથી, ફક્ત કેટલાકને સમાવી શકાય છે. તેથી જ્યારે તમે બધાને સમાવી શકતા નથી, ત્યારે તમે કેટલાકને સમાવી શકો છો, ત્યાં પસંદગી અને પસંદગી છે. જ્યારે પસંદગી અને પસંદગી હોય છે, ત્યારે આશ્રય હોય છે. તે આપણા ન્યાયતંત્રને ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે." ભારતના રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો દ્વારા લેવામાં આવતા શપથના સ્વરૂપનું મહત્વ સમજાવતા, શ્રી ધનખરે જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ એકમાત્ર બે બંધારણીય પદો છે. જેમની શપથ ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, મુખ્ય મંત્રી, સંસદસભ્યો, વિધાનસભાના સભ્યો અને ન્યાયાધીશો જેવા અન્ય અધિકારીઓ કરતાં અલગ હોય છે. કારણ કે આપણે બધા - ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને અન્ય - આપણે બંધારણનું પાલન કરવાની શપથ લઈએ છીએ, પરંતુ માનનીય રાષ્ટ્રપતિ અને માનનીય રાજ્યપાલ - તેઓ બંધારણનું જતન, રક્ષણ અને બચાવ કરવાની શપથ લે છે. શું હું સ્પષ્ટ છું? તેથી, તેમના શપથ માત્ર ખૂબ જ અલગ નથી, તેમના શપથ તેમને બંધારણનું જતન, રક્ષણ અને બચાવ કરવાના ભારે કાર્ય માટે ફરજ પાડે છે. મને આશા છે કે રાજ્યપાલ પદ માટેના આ બંધારણીય અધિનિયમ વિશે ચારેબાજુ અનુભૂતિ થશે. બીજું, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ, આપણા બાકીના લોકો સિવાય, જેમ કે ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ, ફક્ત આ બે હોદ્દાઓને જ કાર્યવાહીથી મુક્તિ મળે છે. બીજા કોઈને નથી. જ્યારે તેઓ પદ પર રહે, તેઓ કોઈપણ કાર્યવાહી, પેન્ડિંગ કે વિચારણા હેઠળ, મુક્ત છે. અને મને ખૂબ આનંદ અને ખુશી છે કે શ્રી રાજેન્દ્ર વી. આર્લેકર રાજ્યપાલ તરીકે ખૂબ જ ઉચ્ચ ધોરણો સ્થાપિત કરી રહ્યા છે. કારણ કે રાજ્યપાલ સરળ પંચિંગ બેગ છે. ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં સુધારાઓ વિશે બોલતા તેમણે કહ્યું, "બંધારણની પ્રસ્તાવના વિશે ઘણા બધા મુદ્દાઓ ઉભા થયા છે. સારું, પહેલા હું તમને કહી દઉં કે, ભારતીય બંધારણની પ્રસ્તાવના બાળકો માટે માતાપિતા બનવા જેવી છે. તમે ગમે તેટલા પ્રયાસ કરો, તમે તમારા માતાપિતા બનવાની ક્ષમતા બદલી શકતા નથી. શું હું સાચું કહું છું? તે શક્ય નથી. તે પ્રસ્તાવના છે. બીજું, ઐતિહાસિક રીતે કોઈ પણ દેશની પ્રસ્તાવના ક્યારેય બદલાઈ નથી. ત્રીજું, આપણા બંધારણની પ્રસ્તાવના એવા સમયે બદલાઈ ગઈ હતી. જ્યારે સેંકડો અને હજારો લોકો જેલના સળિયા પાછળ હતા. આપણા લોકશાહીનો સૌથી અંધકારમય સમય, કટોકટીનો યુગ. પછી તે બદલાયું જ્યાં લોકસભાનું આયુષ્ય પણ ૫ વર્ષથી વધુ વધારી દેવામાં આવ્યું. તે એવા સમયે બદલાયું હતું, જ્યારે લોકોને ન્યાય વ્યવસ્થા સુધી પહોંચ નહોતી. મૂળભૂત અધિકારો સંપૂર્ણપણે સ્થગિત કરવામાં આવ્યા હતા. તમારે તેની તપાસ કરવાની જરૂર છે. આપણે કંઈ પણ કરી શકીએ છીએ, આપણે ચોક્કસપણે આપણા માતાપિતાને બદલી શકતા નથી." "તમારે મોટેથી વિચારવું પડશે કે ૪૨મા બંધારણીય સુધારા કાયદામાં શું થયું. ૪૪મા બંધારણીય સુધારા કાયદામાં શું થયું અને શું બાકી રહ્યું? ન્યાયતંત્રમાં પ્રવેશ વિના લાખો લોકોને કેમ જેલમાં ધકેલી દેવામાં આવ્યા? ૯ હાઈકોર્ટે નાગરિકના પક્ષમાં નિર્ણય કેવી રીતે આપ્યો પરંતુ દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટે, એડીએમના જબલપુર કેસમાં અમને નિષ્ફળ બનાવ્યા. અને ઉલટું, બે બાબતો સૂચવે છે કટોકટી લાદવાનો અને તેટલા સમય માટે કટોકટી લાદવાનો કારોબારીના સંપૂર્ણ વિશેષાધિકાર છે. ૧૯૭૫માં, તે ૨૦ મહિનાથી વધુ હતો, અને કટોકટીના સમયગાળા દરમિયાન, ન્યાયતંત્રમાં પ્રવેશ રહેશે નહીં. તેથી અમે તે સમયે લોકશાહી રાષ્ટ્ર હોવાનો અમારો સંપૂર્ણ દાવો ગુમાવ્યો", તેમણે ઉમેર્યું હતું. સત્તાના વિભાજનના સિદ્ધાંતના મહત્વ પર ભાર મૂકતા તેમણે કહ્યું, "બંધારણીય સાર અને ભાવના શ્રેષ્ઠ રીતે પોષાય છે અને ટકાવી રાખવામાં આવે છે અને તે બંધારણના દરેક સ્તંભો સાથે મળીને રાષ્ટ્રને સુમેળમાં રાખવા માટે કામ કરે છે, પરંતુ જો વિધાનસભા, કારોબારી અને ન્યાયતંત્ર એક જ પાના પર ન હોય, જો તેઓ એકબીજા સાથે સુમેળમાં ન હોય, જો તેમની વચ્ચે સુમેળ ન હોય, તો પરિસ્થિતિ થોડી ચિંતાજનક બને છે. અને તેથી જ કાયદાના વિદ્યાર્થીઓ તરીકે તમે સત્તાના વિભાજનના સિદ્ધાંત પર ધ્યાન કેન્દ્રિત કરશો. મુદ્દો એ નથી કે કોણ સર્વોચ્ચ છે. બંધારણની દરેક સંસ્થા તેના પોતાના ક્ષેત્રમાં સર્વોચ્ચ છે." "જો એક સંસ્થા - ન્યાયતંત્ર, કારોબારી, અથવા વિધાન સભા - બીજાના ક્ષેત્રમાં ઘૂસણખોરી કરે છે, તો તે સફરજનના કાર્ટને ઉથલાવી નાખવાની ક્ષમતા ધરાવે છે. તે અનિયંત્રિત સમસ્યાઓ ઊભી કરી શકે છે જે આપણા લોકશાહી માટે સંભવિત રીતે ખૂબ જ ખતરનાક બની શકે છે. ઉદાહરણ તરીકે, હું તમને સામાન્ય ભાષામાં કહીશ: ન્યાયતંત્રની અંદર નિર્ણય લેવાનો છે. ચુકાદાઓ ન્યાયતંત્ર દ્વારા લખવામાં આવે છે - વિધાનસભા દ્વારા નહીં, કારોબારી દ્વારા નહીં. અને તેવી જ રીતે, કારોબારી કાર્યો કોના દ્વારા કરવામાં આવે છે? કારોબારી દ્વારા. અને શા માટે? કારણ કે તમે ચૂંટણીઓ દ્વારા કારોબારી - રાજકીય કારોબારી - ને ચૂંટો છો. તેઓ તમારા પ્રત્યે જવાબદાર છે. તેઓએ કામગીરી કરવી પડશે. તેમને ચૂંટણીઓનો સામનો કરવો પડશે. પરંતુ જો કારોબારી કાર્યો, ધારાસભા અથવા ન્યાયતંત્ર દ્વારા કરવામાં આવે છે, તો તે સાર અને સત્તાના વિભાજનના સિદ્ધાંતની વિરુદ્ધ હશે. મને આશ્ચર્ય થાય છે કે સીબીઆઈ ડિરેક્ટર જેવા કારોબારી અધિકારીની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયાધીશની ભાગીદારીથી થાય છે. શા માટે? અને જરા વિચારો, અને તમારા મનને દિશા આપો. સીબીઆઈ ડિરેક્ટર વંશવેલોમાં સૌથી વરિષ્ઠ વ્યક્તિ નથી. તે "તેમની ઉપર અનેક સ્તરો છે, સીસીસી, કેબિનેટ સચિવ, બધા સચિવો. છેવટે, તે એક વિભાગનું નેતૃત્વ કરી રહ્યા છે. તમારે તમારી કલમનો ઉપયોગ કરવો જોઈએ. શું આવું દુનિયામાં બીજે ક્યાંય થઈ રહ્યું છે? શું આપણી બંધારણીય યોજના હેઠળ આવું થઈ શકે છે? કારોબારી નિમણૂક કારોબારી સિવાય બીજા કોઈ દ્વારા કેમ કરવી જોઈએ? હું ભારપૂર્વક કહું છું કે આવું જ છે.", તેમણે ઉમેર્યું હતું.

એસપીબી કૉલેજ દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન

કમલમ્,

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે તા. ૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે ઈન્ટરકલાસ મહેંદી સ્પર્ધાનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓમાં રહેલી કળાત્મકતા અને પરંપરાગત કળા પ્રત્યેનો રસ વિકસાવવા માટે આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં કોલેજના વિવિધ વર્ગમાંથી કુલ ૩૭ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અદભૂત મહેંદી ડિઝાઈનો રજૂ કરી. સ્પર્ધાનું મૂલ્યાંકન નિષ્ણાત જજ પ્રા. મિતાલી પટેલ અને ડૉ. દીપિકા રાવલિયાએ કર્યું હતું. કાર્યક્રમ અંતે વિજેતાઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા, જેમના નામ, પ્રથમ સ્થાન સાર્થિ શૈલેષ કાનોજ – T.Y.B.Com., દ્વિતીય સ્થાન પટેલ હીર માયુરભાઈ – S.Y.B.Com. અને તૃતીય સ્થાન હડિયા સ્વેટા ધીરુભાઈ – F.Y.B.Com છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. અશિષ પંડ્યા અને સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન ડૉ. સવિતા સોંધીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં ડ્રોન ટેકનોલોજી દ્વારા મચ્છરજન્ય રોગો સામે ઝુંબેશનો પ્રારંભ: જન આરોગ્યની નવી દિશા

કમલમ્, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મચ્છરજન્ય રોગો સામે એક અભિનવ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો શુભારંભ માનનીય મેયરશ્રીમતી મીરાબેન પટેલના વરદ હસ્તે પોર ગામના તળાવથી કરવામાં આવ્યો હતો, જ્યાં તેમણે પોતે ડ્રોન ઉડાડીને "નમો ડ્રોન દીદી" તરીકે આ નવતર અભિગમની શરૂઆત કરાવી. આરોગ્ય વિભાગ દ્વારા મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો સામે લડવા માટે અત્યાધુનિક ડ્રોન ટેકનોલોજી અપનાવવામાં આવી છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાવાને લીધે મચ્છરોનો ઉપદ્રવ વધે છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા નિયમિતપણે મચ્છર ઉત્પત્તિ સ્થાનો દૂર કરવામાં આવે છે અને દવાનો છંટકાવ કરવામાં આવે છે, પરંતુ મોટા તળાવો, ઊંચી ઈમારતોની છત, સુએજ કેનાલ, ખુલ્લી ગટર (ઓપન ડ્રેનેજ), કન્સ્ટ્રક્શન સાઈટ્સ, રોડની ઓફસાઈડિંગ, ખુલ્લી પાણીની ટાંકીઓ, ગંદા પાણીના સ્ત્રોત, ખાડીઓ અને જળકુંભીથી ભરાયેલી જગ્યાઓ જેવા દુર્ગમ વિસ્તારોમાં જ્યાં માણસ દ્વારા પહોંચવું શક્ય નથી, ત્યાં આ કામગીરી મુશ્કેલ બને છે. આ પડકારનો સામનો કરવા માટે, હવે ડ્રોન ટેકનોલોજી દ્વારા મચ્છર ઉત્પત્તિ સ્થાનો શોધવા અને દવાનો છંટકાવ કરવાનો કાર્યક્રમ શરૂ કરાયો છે. આ શુભારંભ પ્રસંગે ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસક પક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી શૈલેષભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી સંકેત પંચાસરા, નાયબ મ્યુ. કમિશનરશ્રી જે.એમ.ભોરણીયા, તેમજ અન્ય કાઉન્સિલરો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ નવી પહેલ અંતર્ગત, ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મહાનગરપાલિકા વિસ્તારમાં સર્વે કરવામાં આવશે અને સૌપ્રથમ AI/ML (આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ/ મશીન લર્નિંગ) આધારિત ડ્રોન દ્વારા મચ્છર ઉત્પત્તિ સ્થાનો શોધી કાઢવામાં આવશે. ત્યારબાદ, આ સ્થળોને ગૂગલ મેપ પર અક્ષાંશ-રેખાંશ (લેટીટ્યુડ-લોન્ગીટ્યુડ) સાથે ફોટોગ્રાફ્સ દ્વારા લોકેટ કરવામાં આવશે. આ વિગતવાર માહિતી એક ડિજિટલ પ્લેટફોર્મ પર ઓનલાઈન ઉપલબ્ધ થશે. આ માહિતીના આધારે, સાઈટની સફાઈ, ખુલ્લા પાત્રોનો નિકાલ અથવા લાર્વીસાઈડનો છંટકાવ જેવી આવશ્યક કામગીરી માટે ગ્રાઉન્ડ ટીમ અને ડ્રોન ટીમને સ્વયંચાલિત રીતે કાર્ય સોંપવામાં આવશે. તેમની દ્વારા કરાયેલી કામગીરીનું ઓનલાઈન પ્લેટફોર્મ પર લાઈવ મોનિટરિંગ પણ શક્ય બનશે, જે વિભાગ માટે અત્યંત મદદરૂપ થશે. જ્યાં ગ્રાઉન્ડ ટીમ દ્વારા છંટકાવ શક્ય નહીં હોય, તેવા વિસ્તારોમાં મોટા ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવશે. આ નવતર અભિગમ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૩૦ સુધીમાં ભારતને ડ્રોન હબ બનાવવાના દૂરંદેશી દ્રષ્ટિકોણને અનુરૂપ છે. તે સરકારના મેલેરિયા નાબૂદી મિશન ૨૦૩૦ તેમજ અન્ય વાહકજન્ય રોગોને નિયંત્રિત કરવાના પ્રયત્નોને નોંધપાત્ર ગતિ આપશે. આ અનોખી પહેલ આરોગ્ય વિભાગના રોગ નિયંત્રણના પ્રયાસોને મજબૂત બનાવશે અને ગાંધીનગરને મચ્છરજન્ય રોગો મુક્ત બનાવવામાં અત્યંત મદદરૂપ થશે.

રાજભવન ખાતે રાજ્યના પશુપાલન વિભાગના પશુ ચિકિત્સા અધિકારીઓ અને પશુધન નિરીક્ષકોની ગૌ-સંવર્ધન શિબિર યોજાઈ

રાજ્યમાં ઉચ્ચ ગુણવત્તાની દેશી ગાયોની ઓલાદ વધશે તો પ્રાકૃતિક ખેતીનો ફેલાવો પણ ઝડપથી થશે : મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગુજરાતના પશુ ચિકિત્સા અધિકારીઓ, પશુધન નિરીક્ષકો અને પશુપાલન વિભાગના અધિકારીઓ પોતાના કામને માત્ર નોકરી કે ફરજ નહીં, પરંતુ 'મિશન' માને અને નૂતન અભિગમ સાથે નવા ઉમંગથી કામ કરે તો ગુજરાત ગૌસંવર્ધનમાં ક્રાંતિ કરી શકશે. આ દેશને નવી પ્રેરણા આપી શકશે. તેમણે કહ્યું કે, ભારતીય દેશી ગાયની નસલ સુધારણાથી ક્રાંતિ થશે. સેક્સ સૉર્ટેડ સીમન દેશમાં ક્રાંતિનું કારણ બનશે. ગુજરાત સરકાર રૂપિયા ૭૦૦ના મૂલ્યના સેક્સ સૉર્ટેડ સીમનનો ડોઝ માત્ર રૂપિયા ૫૦માં પશુપાલકોને ઉપલબ્ધ કરાવે છે, જે અત્યંત પ્રશંસનીય છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાજ્યના પશુપાલન વિભાગના પશુ ચિકિત્સા અધિકારીઓ અને પશુધન નિરીક્ષકોની ગૌસંવર્ધન પ્રશિક્ષણ શિબિરમાં માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ પશુપાલન વિભાગના સમગ્ર રાજ્યના અધિકારીઓ અને કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હોય એવી રાજ્યના ઈતિહાસની આ સૌ પ્રથમ ઘટના છે. રાજભવનમાં યોજાયેલી આ શિબિરમાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને મહીસાગર જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓએ રૂબરૂ ભાગ લીધો હતો. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાના ૧૮૦૦થી વધુ પશુપાલન અધિકારીઓ અને કર્મચારીઓ વર્ચ્યુઅલી ઓનલાઈન જોડાયા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં પશુપાલન અને ખેતી એકબીજાના પૂરક છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી માનવ આરોગ્ય, પર્યાવરણ અને પ્રકૃતિ સામે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે એકમાત્ર પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ જ તમામ સમસ્યાઓનું સમાધાન છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પ્રાકૃતિક કૃષિને 'રાષ્ટ્રીય મિશન' બનાવી છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દેશી ગાય વિના સંભવ જ નથી. જો દેશી ગાય ખેડૂતોના ખૂટે બંધાશે તો જ પ્રાકૃતિક ખેતી સફળ થશે અને દેશી ગાય ઉત્પાદક બનશે, લાભદાયી થશે તો જ પશુપાલકો ગોપાલન કરશે. દેશી ગાયની ઉત્પાદકતા વધારવા તેની નસલ સુધારવી અનિવાર્ય છે. આ માટે પશુપાલન વિભાગ 'મિશન ભાવ'થી કામ કરે એ જરૂરી છે. પશુપાલન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓનો પ્રામાણિક પુરુષાર્થ પશુપાલકને દસ વર્ષ આગળ લઈ જશે અન્યથા પશુપાલક ૧૦ વર્ષ પાછળ રહી જશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સ્વયં શ્રેષ્ઠ પશુપાલક પણ છે. તેમના વતન કુરુક્ષેત્ર-હરિયાણામાં તેમની ગૌશાળામાં ૪૦૦ જેટલી ગાયો છે. તેઓ જાતે વર્ષોથી દેશી ગાયની બ્રિડને ઉન્નત કરવાના પ્રયોગો કરી રહ્યા છે, જેમાં તેમને સફળતા પણ મળી છે. નસલ સુધારણાના કામમાં નિપુણ એવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પશુ ચિકિત્સા અધિકારીઓ અને પશુધન નિરીક્ષકોને ગૌસંવર્ધનનું પ્રશિક્ષણ આપતાં કહ્યું કે, સેક્સ સૉર્ટેડ સીમનથી કૃત્રિમ ગર્ભાધાનની સફળતાનો દર વધારવા અંદરોઅંદર તંદુરસ્ત સ્પર્ધા થવી જોઈએ. મહેસાણા જિલ્લામાં આ દર ૫૦% છે તેની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, ગુજરાતમાં આ દર ૬૦ કે ૭૦ ટકાથી વધવો જોઈએ. ટેકનોલોજીનું આ કામ પૂર્ણ પ્રતિબદ્ધતા અને પેશનથી થશે તો જ પરિણામ મળશે. તેમણે આ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિનું પદ્ધતિસરનું માર્ગદર્શન પણ આપ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, આ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરનાર પશુપાલન વિભાગના અધિકારી-કર્મચારીનું રાજભવનમાં જાહેર સન્માન કરાશે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાયને થતા રોગોના નિયંત્રણ માટે હોમિયોપેથી અને આયુર્વેદિક ઔષધીઓનો વિશેષ ઉપયોગ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે પશુઓને અપાતા ખોરાકમાં પણ પોષક તત્વોની વિશેષ કાળજી રાખવા અનુરોધ કર્યો હતો. દેશી ગાયની નસલ સુધારવા માટે દૂધ ઉત્પાદક સંઘો અને ગુજરાતની ડેરીઓમાં થતા કામની તેમણે પ્રશંસા કરી હતી. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, સેક્સ સૉર્ટેડ સીમન અને એમ્બ્રિયો પ્રણાલીના પ્રમાણિક પ્રયત્નોના પરિણામથી આગામી ચાર વર્ષમાં દેશી ગાયો રસ્તા પર નહીં જોવા મળે. એક સારી નસલની વાછરડીમાં એક પરિવારનું પાલન કરવાની ક્ષમતા છે. જો આમ થશે તો સારી નસલની ગાયોની સંખ્યા બમણી થશે. આ દિશામાં અમૂલ યોગદાન આપવા તેમણે પશુપાલન વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અનુરોધ કર્યો હતો. આ શિબિરમાં કૃષિ, પશુપાલન અને ગૌ-સંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસ થકી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યાંકમાં સહભાગી થવા ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ મક્કમતાથી આગળ વધી રહ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી હંમેશા કહેતા કે, ભારતનો આત્મા ગામડામાં વસે છે, તેમ જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે ભારતના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવું ખૂબ જરૂરી છે. હાલ, પશુપાલન દેશના જી.ડી.પી.માં ૫.૫% સાથે રૂપિયા ૧૩.૫૫ લાખ કરોડનો હિસ્સો ધરાવે છે. દેશના કુલ દૂધ ઉત્પાદનનું મૂલ્ય રૂપિયા ૧૧.૧૬ લાખ કરોડથી વધુ છે, જે ઘઉં અને ચોખાના મૂલ્ય કરતાં પણ વધારે છે. દેશના કુલ દૂધ ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો હિસ્સો ૭.૫% છે, જેને વર્ષ ૨૦૪૭ સુધીમાં વધારીને ૧૦% કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા પશુઓની ઓલાદ સુધારવા માટે ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ઉચ્ચ ગુણવત્તાની દેશી ગાયોની ઓલાદ વધશે તો પ્રાકૃતિક ખેતીનો ફેલાવો પણ ઝડપથી વધશે. મંત્રીશ્રીએ રાજ્યમાં ગૌ-સંવર્ધનના ભગીરથ કાર્યમાં જોડાવીને નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા પશુપાલન વિભાગના સૌ અધિકારી-કર્મચારીઓને અપીલ કરી હતી. પશુપાલન વિભાગના સચિવ શ્રી સંદીપકુમારે રાજ્યમાં પશુપાલનની પ્રગતિ અને સિદ્ધિઓની છણાવટ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં પશુપાલન નિયામક ડૉ. શ્રીમતી ફાલ્ગુનીબેન ઠાકરે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ICARની ૯૬મી વાર્ષિક સામાન્ય સભા કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાઈ

મહત્વપૂર્ણ બેઠકમાં ૧૮ થી વધુ કેન્દ્રીય અને રાજ્ય કૃષિ મંત્રીઓએ કૃષિ પ્રગતિ માટે વિચાર-મંથન કર્યું

જન ઔષધિ કેન્દ્રની જેમ 'ફસલ ઔષધિ કેન્દ્ર' ખોલવા અંગે વિચારણા - શ્રી શિવરાજ સિંહ

કમલમ્,
કેન્દ્રીય કૃષિ ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન સંકુલના ભારત રત્ન સી. સુબ્રમણ્યમ ઓડિટોરિયમ ખાતે ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) ની ૯૬મી વાર્ષિક સામાન્ય સભાની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ૧૮થી વધુ કેન્દ્રીય અને રાજ્ય મંત્રીઓએ હાજરી આપી હતી. ઉપસ્થિતોમાં કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી શ્રી ભગીરથ ચૌધરી; વિજ્ઞાન અને ટેકનોલોજી અને પૃથ્વી વિજ્ઞાન રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) ડૉ. જિતેન્દ્ર સિંહ; કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી શ્રી એસ.પી. બાઘેલ અને શ્રી જ્યોર્જ કુરિયન; અરુણાચલપ્રદેશના કૃષિ, મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને બાગાયત મંત્રી શ્રી ગેબ્રિયલ ડી. વાંગસુ; બિહારના નાયબ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી શ્રી વિજય કુમાર સિંહા; બિહારના પશુ અને મત્સ્યઉદ્યોગ સંસાધન મંત્રી શ્રીમતી રેણુ દેવી; મધ્યપ્રદેશના બાગાયત અને ખાદ્ય પ્રક્રિયા મંત્રી શ્રી નારાયણ સિંહ કુશવાહ; મિઝોરમના કૃષિ મંત્રી શ્રી પી.સી. વનલાલરુઆતા; હરિયાણાના કૃષિ, પશુપાલન, ડેરી અને મત્સ્ય ઉદ્યોગ મંત્રી શ્રી શ્યામ સિંહ રાણા; ઉત્તરપ્રદેશના પશુપાલન અને ડેરી વિકાસ મંત્રી શ્રી ધર્મપાલ સિંહ; કર્ણાટકના કૃષિ મંત્રી શ્રી એન. ચેલુવરાય સ્વામી; ઉત્તરપ્રદેશના કૃષિ, શિક્ષણ અને સંશોધન મંત્રી શ્રી સૂર્ય પ્રતાપ શાહી; ઓડિશાના મત્સ્યઉદ્યોગ અને પશુ સંસાધન વિકાસ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી ગોકુલાનંદ મલ્લિક; મધ્યપ્રદેશના ખેડૂત કલ્યાણ અને કૃષિ વિકાસ મંત્રી શ્રી અદલ સિંહ કંસાના; અને કેન્દ્રીય કૃષિ સચિવ શ્રી દેવેશ ચતુર્વેદી સામેલ હતા. આ બેઠકમાં ICARના મહાનિર્દેશક ડૉ. એમ.એલ. જાટે ભારતીય કૃષિ સંશોધન પરિષદના વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૦૨૫ની રજૂઆત અને સ્વીકાર માટેનો ઠરાવ વાંચ્યો. આ પછી, ICAR ના નાણાકીય સલાહકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે વાર્ષિક હિસાબો અને ઓડિટરના અહેવાલનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું અને તેને અપનાવવા માટે ઠરાવ વાંચવામાં આવ્યો હતો. બેઠકમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદનો વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૫નું વિમોચન કરવામાં આવ્યું. આ સાથે, કૃષિ અને ટેકનોલોજી સંબંધિત ચાર પુસ્તકોનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, બધા મંત્રીઓએ બેઠકને સંબોધિત કરી, જેમાં તેમણે ભારતના ખાદ્યાન્ન ઉત્પાદનમાં વધારો અને કૃષિ ક્ષેત્રે ઝડપી પ્રગતિ પર ખુશી વ્યક્ત કરી હતી. બેઠકમાં, બધા મંત્રીઓએ સર્વાનુમતે ભવિષ્યમાં ખેતી અને ખેડૂત સમૃદ્ધિ માટે સાથે મળીને અર્થપૂર્ણ પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બેઠકમાં, કેન્દ્રીય કૃષિ મંત્રીએ પાક દવા કેન્દ્રના વિચારને આગળ વધારવાની પણ વાત કરી હતી. આ સાથે, સંબંધિત યોજનાઓ ચાલુ રાખવા અને અપ્રસ્તુત યોજનાઓને દૂર કરવા અને નવી યોજનાઓ શરૂ કરવા અંગે વિવિધ રાજ્યોના મંત્રીઓ પાસેથી સૂચનો પણ મંગાવવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ખેડૂતોને યોજનાઓનો વાસ્તવિક લાભ મળી રહ્યો છે કે નહીં તેનું નિરીક્ષણ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કે કૃષિ એ રાજ્યનો વિષય છે, રાજ્ય સરકારોના સહયોગ વિના કૃષિને આગળ વધારવાના પ્રયાસો અધૂરા છે. કેન્દ્ર અને રાજ્યોએ કૃષિ ક્ષેત્ર માટે સાથે મળીને કામ કરવું પડશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આપણા માર્ગદર્શક છે, તેમના વિઝન અને નેતૃત્વ હેઠળ છેલ્લા કેટલાક વર્ષોમાં ખાદ્યાન્ન ઉત્પાદનમાં આશ્ચર્યજનક વધારો થયો છે. એક સમય હતો જ્યારે આપણે અમેરિકાથી ઓછી ગુણવત્તાવાળા ઘઉં આયાત કરીને તેને ખાવા પડતા હતા. ભારત વિશે એવી છબી હતી કે આપણે ક્યારેય ખાદ્યાન્નની દ્રષ્ટિએ આત્મનિર્ભર બની શકતા નથી. પરંતુ આજે આ છબી અને માન્યતા સંપૂર્ણપણે ઝાંખી પડી ગઈ છે. ભારત ખાદ્યાન્નની દ્રષ્ટિએ રેકોર્ડ બનાવી રહ્યું છે. ખાદ્યાન્નનો ભંડાર ભરાઈ રહ્યો છે. ખાદ્યાન્ન ઉત્પાદનમાં રેકોર્ડ વધારો થયો છે. આજે આપણે કૃષિ ઉત્પાદનોની નિકાસ કરી રહ્યા છીએ. શ્રી શિવરાજ સિંહે કહ્યું કે આપણી સિદ્ધિઓ પ્રશંસનીય છે. જેના માટે હું બધા વૈજ્ઞાનિકો અને ICAR ટીમને અભિનંદન આપું છું. પરંતુ સિદ્ધિઓની સાથે કેટલાક પડકારો પણ છે, જે દિશામાં આપણે કામ કરવું પડશે. તેમણે કહ્યું કે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનમાં ઉભરેલા સૂચનો અને મુદ્દાઓના આધારે આગળનો માર્ગ મોકળો થશે. ભવિષ્યના સંશોધનના માર્ગો રાજ્ય અનુસાર નક્કી કરવા પડશે. માંગ આધારિત સંશોધનની જરૂર છે. સંશોધન ફક્ત કાગળની ઔપચારિકતાઓ માટે ન થવું જોઈએ પરંતુ ખેડૂતોની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ.

કેન્દ્રીય કૃષિ મંત્રીએ કહ્યું કે સોયાબીન, કઠોળ, તેલીબિયાંમાં હજુ પણ વધુ સંશોધન અને કાર્યની જરૂર છે. ઘઉં, ચોખા, મકાઈની સાથે, કઠોળ, તેલીબિયાં અને અન્ય પાકોના ઉત્પાદનમાં વૃદ્ધિ માટે ઝડપથી પ્રયાસો કરવા પડશે. જેના માટે રાજ્યવાર અને પાકવાર કાર્ય યોજના બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે ગઈકાલે મેં મધ્યપ્રદેશમાં સોયાબીનના વાવેતરનું નિરીક્ષણ કર્યું હતું. જ્યાં ખરાબ બીજની ગંભીર સમસ્યા જોવા મળી હતી. ખરાબ બીજને કારણે અંકુરણ થઈ શક્યું ન હતું. મેં તેના વિશે ઝડપી તપાસનો આદેશ આપ્યો છે. હલકી ગુણવત્તાવાળા બીજ, ખાતર અને ખાતરો ખૂબ જ ગંભીર મુદ્દો છે, જેના માટે સરકાર ટૂંક સમયમાં કડક કાનૂની જોગવાઈઓ લાવશે. ખાતરોના MRP પર પણ કામ કરવાની જરૂર છે. ખાતરોના યોગ્ય ભાવ નક્કી કરવા જોઈએ. શ્રી શિવરાજ સિંહે કહ્યું કે પાકવાર બેઠકોની શ્રેણી શરૂ કરવામાં આવી છે. સોયાબીન પર મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક મોટી બેઠક યોજાઈ છે. હવે કપાસ, શેરડી અને અન્ય પાક પર ખાસ બેઠકો યોજાશે. આગામી ૧૧ જુલાઈએ કોઈમ્બતુરમાં કપાસ પર એક પરિષદ યોજાશે. અમે કપાસ મિશનને ઉપયોગી બનાવવાનું વિચારીશું. દરેક પાક પર રાજ્યની જરૂરિયાતો, આબોહવા યોગ્યતા અને ખેડૂતોની જરૂરિયાતો અનુસાર વિગતવાર ચર્ચા કરવામાં આવશે અને યોગ્ય ઉકેલો સાથે ઉત્પાદન વધારવા પર કામ કરવામાં આવશે. શ્રી શિવરાજ સિંહે વૈજ્ઞાનિકોને ટેકનોલોજીના વધુ સારા ઉપયોગ સાથે ખેડૂતોની માંગ મુજબ વધુ આધુનિક ખેતી સાધનો બનાવવા માટે પ્રયાસો કરવાની અપીલ કરી. તાજેતરના અનુભવનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે એક ખેડૂતે એવા સાધનો બનાવવાની માંગ કરી હતી જે ફળદ્રુપતા ચકાસી શકે. એવા સાધનો જે કહી શકે કે ખાતરની ગુણવત્તા નિર્ધારિત માપદંડો મુજબ યોગ્ય છે કે નહીં, ખાતર ઉપયોગી છે કે નહીં. ખેડૂતો સાથે ચર્ચા દરમિયાન આવા ઘણા વિચારો આવે છે, જેના આધારે સંશોધનની દિશા નક્કી કરી શકાય છે. તેમણે કહ્યું કે જ્યારે પ્રયોગશાળાઓ અને સંસ્થાઓનું સૈદ્ધાંતિક જ્ઞાન ખેડૂતો સુધી વ્યવહારુ સ્વરૂપમાં પહોંચશે, ત્યારે જ સંશોધનનું મહત્વ ખરા અર્થમાં સાબિત થશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે રવિ પાક પહેલા, રાજ્યોના સહયોગથી 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' દ્વારા વિજ્ઞાનને ફરીથી ખેડૂતો સુધી લઈ જવાનો પ્રયાસ કરવામાં આવશે. રવિ પરિષદ બે દિવસ માટે યોજાશે. પહેલા દિવસે રૂપરેખા નક્કી કરવામાં આવશે, બીજા દિવસે રાજ્યોના કૃષિ મંત્રીઓ નિર્ધારિત રૂપરેખાને મંજૂરી આપશે અને અંતિમ કાર્ય યોજના ઘડશે. ભારતની જમીનની ફળદ્રુપતા ક્ષમતા અજોડ છે. મને ખાતરી છે કે ભારત દેશ તેમજ વિશ્વ માટે અનાજ ઉત્પન્ન કરશે અને વિશ્વનું ફૂડ બાસ્કેટ બનશે. શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો સંકલ્પ વિકસિત ભારત બનાવવાનો છે. અમે આ સંકલ્પને પૂર્ણ કરવા માટે પોતાને સમર્પિત કર્યા છે. વિકસિત ભારત માટે વિકસિત કૃષિ અને સમૃદ્ધ ખેડૂતો જરૂરી છે. આ માટે કોઈ કસર છોડવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે હું પોતે ખેતરોમાં જઈને ખેડૂતોને મળીને પાયાના સ્તરે કૃષિને સમજવાનો પ્રયાસ કરી રહ્યો છું. કાશ્મીરના સફરજન હોય કે કેસર હોય, ઉત્તર પ્રદેશની શેરડી હોય કે કર્ણાટકની સોપારી હોય, હું દરેક જગ્યાએ જઈને કૃષિને નજીકથી સમજવા અને ભવિષ્યની રણનીતિ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. કેન્દ્રીય કૃષિ મંત્રીએ કહ્યું કે કૃષિ માત્ર એક વ્યવસાય નથી પણ દેશની સેવા છે. આપણે ભારતની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાની છે. ૧૪૪ કરોડ વસ્તી માટે ખાદ્ય સુરક્ષાની સાથે, આપણે પૌષ્ટિક ખોરાક પૂરો પાડવાનો છે, આવનારી પેઢી માટે પૃથ્વીને સુરક્ષિત રાખવાનો છે, અમારું લક્ષ્ય ફક્ત દેશ માટે જ નહીં પરંતુ વિશ્વ માટે પણ ખોરાક ઉપલબ્ધ કરાવવાનો છે. તેમણે કહ્યું કે હાલમાં, ભૌતિક પ્રગતિની શોધમાં, વિશ્વના ઘણા દેશો એવા પગલાં લઈ રહ્યા છે જે પ્રકૃતિને નુકસાન પહોંચાડી રહ્યા છે. પરંતુ આપણે એવો માર્ગ પસંદ કરવો પડશે જે પ્રકૃતિને નુકસાન પહોંચાડ્યા વિના વિકાસનો માર્ગ મોકળો કરે. અંતે, શ્રી શિવરાજ સિંહે વૈજ્ઞાનિકોને આધુનિક મહર્ષિ ગણાવ્યા અને કહ્યું કે તમે સારું કામ કરી રહ્યા છો, જેના માટે તમે અભિનંદનને પાત્ર છો. પરંતુ સિદ્ધિઓની સાથે, પડકારો પર પણ કામ કરવું પડશે. મારી અપીલ છે કે ભવિષ્યના સંશોધનની રૂપરેખા પડકારો અને તેમના ઉકેલોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે, આગળ વધતા રહો અને કૃષિ ક્ષેત્રમાં નવી સફળતાઓ પ્રાપ્ત કરતા રહો.

કમલમ્,
ભંડારા બેડીકુબા ખાતે કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરના પિતાશ્રી મનસુખભાઈ મોતીભાઈ ડીંડોરના દુઃખદ અવસાન નિમિત્તે આયોજિત પ્રાર્થના સભામાં ઓમ શાંતિના પરિવાર બ્રહ્માકુમારી રંજનબેન, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને પંચમહાલ ડેરીના ચેરમેન શ્રી જેઠાભાઈ ભરવાડ સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહી દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના અદયક્ષાતામાં ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ કેમ્પ યોજાયો

ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાનઃ મહુવા

ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન અંતર્ગત મહુવા તાલુકાના વાંક ગામે સેવા સેતુ કેમ્પ યોજાયો

૬૦૦ થી વધુ વિવિધ યોજનાઓ હેઠળ જરૂરીયાતમંદોએ લાભ લીધો

કમલમ્,મયુર પટેલ
ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન અંતર્ગત આદિજાતિની વસ્તી ધરાવતા ગામોમાં પાયાની માળખાકીય તથા વ્યકિતલક્ષી યોજનાઓના લાભો ઘરઆંગણે મળીરહે તેમાટે સુરત જિલ્લાના મહુવા તાલુકાના પ્રાથમિક શાળા વાંક ખાતે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષસ્થાને સેવા સેતુનો કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ૩૩ જાતિના દાખલાઓ, ૧૬ વૃધ્ધ સહાય, પ્રધાનમંત્રીસન્માન યોજના હેઠળ ૩૪ તથા ખેતીવાડી હેઠળ ૩૪, આધારકાર્ડની ૮૮, હેલ્થ ચેકઅપ કેમ્પ હેઠળ ૧૦૦થી વધુ મળી ૬૦૦થી વધુ લાભાર્થીઓએ વિવિધ યોજનાઓના લાભો મેળવ્યા હતા. આ અવસરે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજયસરકાર કટિબધ્ધ છે. જે માટે વડાપ્રધાનશ્રીએ ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન ઉપાડયું છે. છેવાડાના માનવીઓને અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો ઘર આંગણે મળી રહે તે માટે કેમ્પનું આયોજન કર્યું છે. ગામનો એક પણ લાભાર્થી લાભથી વંચિત રહી ન જાય તે માટે સૌને સાથે મળીને કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. અગાઉ જમીનોમાં ૭/૧૨માં વારસદારોના વધુ નામોના કારણે ખેતીવાડી માટે વીજ કનેકશનો મળતા ન હતા પણ સરકારમાં રજુઆત કરીને સુધારો કરીને હવે ખેતી કરનારને વીજ કનેકશનો લાભો મળતા થયા છે. બાળકો ભણીગણીને વાંચન કરીને આગળ વધી શકે તે માટે તાલુકામાં લાયબ્રેરીઓ બનાવવામાં આવી રહી છે. આ અવસરે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી શીલાબેન પટેલ, મામલતદાર મહેશભાઈ પટેલ મહુવા તથા અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS સ્વયંસેવકોએ VNSGU યુનિવર્સિટીની રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે આયોજિત રાષ્ટ્રીય એકતા શિબિરમાં ભાગ લીધો

યુનિવર્સિટીની ટીમ રાષ્ટ્રીય સ્તરે પોસ્ટર મેકિંગ અને દિયા ડેકોરેશન સ્પર્ધામાં અનુક્રમે દ્વિતીય તેમજ તૃતીય ક્રમે વિજેતા

ભારતના ૧૨ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશના સ્વયસેવકો કેમ્પમાં જોડાયા

કમલમ્,
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ બારુમલ આશ્રમ, ધરમપુર, વલસાડ ખાતે યોજાયેલ સાત-દિવસીય નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં ભાગ લીધો હતો. ઉપરોક્ત કોલેજના યજમાન પદે તારીખ. ૨૭/૬/૨૦૨૫ થી ૩/૭/૨૦૨૫ દરમિયાન નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભારતના ૧૧ રાજ્યોના અંદાજે ૨૧૫થી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS સ્વયંસેવકોને ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડન્ટ શ્રીવલ્લભભાઈ પટેલ સાહેબે અભિનંદન આપ્યા હતા. કેમ્પ દરમ્યાન માય ભારત અને માય ભારત પૉર્ટલ સહિતના વિષય પર રિજનલ ડાયરેક્ટર ડૉ.કમલ કુમાર કર સાહેબ દ્વારા ખૂબ ઉપયોગી વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સત્ર માં ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ તેમજ સમાપન સમારોહમાં ઉમંરગામ ના ધરસભ્યશ્રી રમણભાઈ પાટકર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સિંગિંગ, પોસ્ટર મેકિંગ, મોનો એક્ટિંગ, નિબંધ લેખન, હર સ્ટાઈલ સ્પર્ધા, સ્લોગન મેકિંગ, કાર્ડ મેકિંગ, દિયા ડેકોરેશન, કાવ્ય પઠન, જેવી સ્પર્ધાઓનું પણ આયોજન થયું હતું. સ્વયંસેવકોએ એમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. રાષ્ટ્રીય કક્ષાએ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે પ્રિયાંશી મહેતા અને દિયા ડેકોરેશન સ્પર્ધામાં પ્રીતિ ચૌહાણ એ ભાગ લીધો હતો. તેમજ દરરોજ કેમ્પ દરમ્યાન યોગા, વ્યાયામ અને વિવિધ વર્કશોપ્સ જેવાકે સેલ્ફ ડેવલોપમેન્ટ, સેલ્ફ ડિફેન્સ, વાર્લી પેઈન્ટીંગ, ટ્રાઈબલ ડાન્સ, સ્ટાર્ટઅપ, ડ્રામા અને ડાન્સ વિષયો પર તજજ્ઞ વક્તાઓના માધ્યમથી કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ વિષય પર માર્ગદર્શન અને તાલીમ મેળવવાની સુવર્ણતક સાંપડી હતી. તેમજ સેન્ડ આર્ટ વર્ક, ગરબા, સેલ્ફ ડિફેન્સ, ફોટોગ્રાફી જેવા વિષયપર ટ્રેનિંગ પણ આપવામાં આવી હતી. ભારતના ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જેવાકે પોંડિચેરી, સિક્કિમ, હિમાચલ પ્રદેશ, તેલંગાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઓડિશા, મધ્યપ્રદેશ, પશ્ચિમબંગાળ, કર્ણાટક, ગુજરાત, ઉત્તરાખંડના ૨૧૫ સ્વયંસેવકો રાષ્ટ્રીય એકતા શિબિરમાં જોડાયા હતા. સ્વયસેવકોને કેમ્પ દરમ્યાન વિલસેન હિલ્સ, રામચંદ્ર મિશન આશ્રમ, સ્વામિનારાયણ મંદિર, અને ધ લેડી વિલ્સન મ્યુઝિયમ, મહારાણા શ્રીમોહનદેવજી સિલ્વર જ્યુબિલ સભાગાર જેવા હેરિટેજ સ્થળોની મુલાકાત લઈ તથયાત્મક માહિતી મેળવી હતી. ત્યારબાદ સ્વયંસેવકો વિવિધ પ્રખ્યાત મંદિરો અને વલસાડ બજાર ની મુલાકત અલગથી ટીમ તરીકે કરી હતી. જેથી તેઓ ને ભારતના ભવ્ય વારસાનો યોગ્ય પરિચય થઈ શકે. રાજ્યના રિજનલ NSS ડાયરેક્ટર ડૉ.કમલ કુમાર કર તેમજ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર રમેશદાન ગઢવી તેમજ NSS પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડૉ. શ્રીધર નિમાવત સાહેબ તેમજ રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. હેમાલી દેસાઈ અને સમગ્ર ટીમનો કેમ્પ દરમ્યાન માર્ગદર્શન તેમજ સહકાર સાંપડ્યો હતો. રાષ્ટ્રીય સ્તર ના કેમ્પમાં યુનિવર્સિટીના પાર્થરાજસિંહ ચુડાસમા, પ્રિયાંશી મહેતા, પટેલ પ્રેમ, પટેલ આર્યન, કંદોઈ મીત, ગોહેલ લેયા, પરમાર નિશા, ધોરિયાણી હર્ષા, મિસ્ત્રી આર્યા, ચૌહાણ પ્રીતિ એ ભાગ લીધો હતો. જેઓ યુનિવર્સિટી સંલગ્ન BPCBA, AAPCC, BPCCS, MPCC, LDRP, MMPISR કોલેજના બીબીએ, બીસીએ, બી.કોમ-કડી અને ગાંધીનગર, બીએસસી, એન્જિનયરિંગ કોર્સનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સમગ્ર ટીમને યુનિવર્સિટીના એન.એસ.એસ. ના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સમગ્ર કેમ્પ દરમ્યાન વિદ્યાર્થીઓનું સંકલન કરવામાં આવ્યું હતું.

કમલમ્,
જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં તા. ૦૭-૦૭-૨૦૨૫ ના રોજ ત્રિવેણી સ્પર્ધા - મહેંદી, નેઈલ આર્ટ અને ટેટુ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં હતું. જેમાં મહેંદી સ્પર્ધામાં કુલ ૧૦૩ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં તરસરીયા હિરલ, નાયાની તૃષા (બી.બી.એ.), રાવત હેતસ્વી (બી.કોમ.) અને નાકરાની રુચિતા, ગઢીયા ઋત્વી (બી.સી.એ) એ પ્રથમક્રમ મેળવ્યો હતો. જ્યારે નેઈલ આર્ટ સ્પર્ધામાં કુલ ૧૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો, જેમાં પટેલ હની અને ગઢીયા તનિષાએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત ટેટુ મેકિંગ સ્પર્ધામાં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં દુધાત પ્રિયાંશી અને ગજેરા મૈસુરી એ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ તમામ સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્ય ડો. મુકેશ ગોયાણી માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્પેક એન્જીનીયરીંગ અને મારસ્તુ માટ્રેક પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે એમ.ઓ.યુ.નું આયોજન કરાયું

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદારપટેલ એજ્યુકેશન કેમ્પસસ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી અને મારસ્તુ માટ્રેક પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે એમ.ઓ.યુ.નું આયોજન કરાયું હતું. આ એમ.ઓ.યુ. માટે સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ તરફથી એમ. ઓ. યુ. ના પ્રતિનિધિ તરીકે સેક્રેટરી શ્રી. શીતલ પટેલ અને મારસ્તુ માટ્રેકપ્રાઈવેટ લિમિટેડના પ્રતિનિધિ તરીકે કંપનીના એસોસિએટ ડાયરેક્ટર મી. પ્રણવ સોલંકી અને કંપનીના સ્થાપક મી. રાહુલ દોશીહાજર રહ્યાહતા. આ એમ.ઓ.યુ.નો મુખ્ય હેતુ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને ડિજિટલ માર્કેટિંગનીજાણકારી અને તેની તાલીમ માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો. આ એમ.ઓ.યુ.માં કેમ્પસટ્રેનિંગએન્ડ પ્લેસમેન્ટ કોર્ડીનેટર મી. જીગેશ મેહતા, એન્જીનીયરીંગના ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સંયોજક પ્રો. મિરલકુમાર દરજી અને પ્રો રોનક રાણા તથા પ્રો. પૂજા રાઠોડે હાજર રહીને મહત્વનું યોગદાન આપ્યું હતું. આ એમ.ઓ.યુ. આયોજન કરવા બદલ સંસ્થાના આઈ.ક્યૂ.એ.સી કોર્ડીનેટરપ્રો. જય પટેલ, વાઈસ પ્રિન્સિપાલ ડો. ઋત્વિજ જોશી, આચાર્યશ્રી ડો. નાનક પમનાણી અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમના સફળ આયોજન માટે સંસ્થાના ચેરમેન શ્રી ગિરીશ પટેલ, સેક્રેટરી શ્રી શિતલ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિન પટેલ, ધર્મેશપટેલ, વિકાસપટેલ, બ્રિજેશ પટેલ, ભાવિન પટેલ દ્વારા સૌને અભિનંદન પાઠવ્યાહતા.

હિંમતનગરમાં ભાજપ દ્વારા સરપંચોનો અભિવાદન કાર્યક્રમ યોજાયો

કમલમ્,ઈકબાલ મેમણ

સાબરકાંઠા ભાજપદ્વારા તાજેતરમાંયોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાંસરપંચ તરીકેચુંટાયેલાજિલ્લાના અનેક સરપંચોનો મંગળવારે હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ પ્રથમ સ્કવેરમાં અભિવાદન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાંચુંટાયેલા સરપંચોતથાસમરસ પંચાયતના સરપંચોનુંઅભિવાન કરાયા બાદ ભાજપના પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલ, સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય વી.ડી.ઝાલા, રમણલાલ વોરા, ગજેન્દ્રસિંહ પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યાકુવારબા, વિજયભાઈ પંડયા, લોકેશ સોલંકી સહિત પક્ષના પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિતરહયા હતા.

શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં પરંતુ જવાબદારી છે: શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર

શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના હસ્તે ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરાયા

કમલમ્,

નવનિયુક્ત શિક્ષણ સહાયકોને અભિનંદન આપતા પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, હું શિક્ષણ મંત્રી તરીકે રાજ્યની સેવા કરી રહ્યો છું તે મારા પ્રાથમિકથી લઈને માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને હાયર એજ્યુકેશન સુધીના ગુરુજનોને આભારી છે. વિદ્યાર્થીઓમાં જે સ્કિલ રહેલી હોય છે, તેને ઓળખવાનું અને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવાનું કાર્ય આપણા શિક્ષકો કરતા હોય છે. આમ,શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં પરંતુ જવાબદારીનું કાર્ય છે. રાજ્ય સરકાર દ્વારા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા - ૨૦૨૫ અન્વયે ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં કુલ ૩,૨૪૩ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ગાંધીનગરના ઈસનપુર મોટા ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે આજે ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, સમગ્ર રાજયમાં ૧,૫૧૫ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો અને ૩,૨૪૩ બિનસરકારીઅનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો એમ કુલ ૪,૭૫૮ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યાં છે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે શાળાપ્રવેશોત્સવ અને કન્યા કેળવણી જેવા અનેક અભિયાનો થકી ગુજરાતને વધુ સુશિક્ષિત કરવાનું ઉમદા કાર્ય કર્યું છે, જેને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ થકી ઓનલાઈન અને પારદર્શક ભરતી દ્વારા દરેક ઉમેદવારનેસમાન ન્યાય મળે તે માટે રાજ્યસરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત @2047 ના સ્વપ્નને સાકાર કરવામાં શિક્ષકોને સહભાગી બનવા આહ્વાન કરતાં શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરવામાં શિક્ષકોનો મહત્વનો ફાળો હોય છે. જેથી શિક્ષકો વિદ્યાર્થીઓના ઘડતર થકી જન કલ્યાણ, લોક કલ્યાણ અને પરોપકાર દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં મહત્વનીભૂમિકા નિભાવીશકે છે. નવી શિક્ષણ નીતિ વિશે જણાવતા મંત્રીશ્રીએ કહ્યું કે, આજના આધુનિક સમયમાં વિદ્યાર્થીઓ

ટેકનોલોજીયુક્ત શિક્ષણથીવંચિત ન રહી જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આપણી શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ સહિત અનેક સુવિધાઓઆપવામાં આવી રહી છે.

વધુમાં, મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ કરવા પર વિશેષભાર મૂક્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રીઅલ્પેશભાઈઠાકોરે તેમની ગ્રાન્ટમાંથીશાળા પરિવારને રૂ. ૫ લાખની સહાય આપવાની જાહેરાત કરીને સમગ્ર રાજયમાં પારદર્શી રીતેભરતી પ્રક્રિયા કરવા બદલ શિક્ષણ મંત્રી સહિત શિક્ષણ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, નિષ્પક્ષ રીતે નિમણૂક પામેલા શિક્ષકોએ ઈમાનદારીથી વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કાર્ય કરતાં રહેવું પડશે. જેથી આવનારી પેઢી સદ્ધર બનશે અનેપોતાના પરિવાર સહિત સમગ્ર સમાજનો વિકાસ થશે આપ્રસંગે જિલ્લાકલેક્ટર શ્રી મેહુલ કે દવેએ પ્રાસંગિક ઉદ્બોધન તેમજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભગવાનભાઈ પ્રજાપતિએ શાબ્દિક સ્વાગતકર્યું હતું.

આ અવસરે બાયડના ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા, છઁસ્ઝના ચેરમેન શ્રી રમેશભાઈ પટેલ, શાળા સંચાલક મંડળના અધ્યક્ષ શ્રી શંકરસિંહ રાણા, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારી સહિત નવનિયુક્ત શિક્ષણ સહાયક અને તેમના પરિવારજનો ઉપસ્થિતરહ્યા હતા.

મહુવા સુગર ફેકટરીને દિલ્હી ખાતે "કેન ડેવલોપમેન્ટ એવોર્ડ" આપવામાં આવ્યો

કમલમ્, મયુર પટેલ

નેશનલ ફેડરેશન ઓફ કો.ઓ. સુગર ફેકટરી લિ. ન્યુ દિલ્હી દ્વારા દર વર્ષે નેશનલ એફીસીઅન્સી એવોર્ડ સુગર ફેકટરીઓને આપવામાં આવે છે. જેમાં ટેકનિકલ પરફોમન્સ, એકાઉન્ટસી બાબતો, વહીવટી બાબતો તેમજ શેરડી વિકાસ (કેન ડેવલપમેન્ટ) નીબાબાતોની સમીક્ષા કરીને જે - તે વિભાગમાં સારો દેખાવ સામે સારું પરિણામ આપનાર સુગર ફેકટરીઓને એવોર્ડ આપવામાં આવે છે. વર્ષ-૨૦૨૪-૨૫ના વર્ષનો નેશનલ એફીસીયન્સી એવોર્ડસમારંભ નવી દિલ્હી ખાતેના ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં ભારત સરકારના કન્ઝ્યુમર અફેર્સ અને ફુડ સપ્લાય વિભાગના મંત્રી પ્રહલાદ જોશીના મુખ્ય મહેમાન પદે તેમજ રાજયકક્ષાના ભારત સરકારના મંત્રી નિમુબેન બામભણીયાજીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વિવિધ ક્ષેત્રોના એવોર્ડ પૈકી સુગર ફેકટરીઓને લગતી મહત્વની બાબત કેન ડેવલપમેન્ટ (શેરડી વિકાસની) બાબતનો મહત્વનો એવોર્ડ મહુવા સુગરને આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુગર ફેકટરીને લગતા પ્રશ્નોની રજુઆતો નેશનલ ફેડરેશનના ચેરમેન પાટીલજીએ કરી હતી. કેન્દ્ર સરકારના મંત્રી પ્રહલાદ જોશીએ મુખ્ય મહેમાન પદેથી બોલતાંકહયું કે, આ પ્રશ્નોનું સમવસરનિરાકરણ થાયતેમ કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે વિશેષરૂપથી ગુજરાત રાજયનો ખાંડ ઉદ્યોગ સહકારી ક્ષેત્રમાં ચાલે છે. જેની ખૂબજ સરાહનાકરીહતી. અને અન્ય રાજયોને પણ ગુજરાતના સહકારી મોડેલને અનુસરવાનુંસૂચન કર્યુંહતું. તેમજ મહુવા સુગરને કેન ડેવલપમેન્ટમાં એવોર્ડ મળતાં મહુવા સુગરના સંચાલક મંડળના મારફતે છેલ્લાં કેટલાંક વર્ષોથી પાયલોટ પ્રોજેકટ ચલાવવામાં આવી રહયો છે. તેમાં શેરડીની નવી નીતિઓ, માવજત પદ્ધતિ, બાયોફર્ટીલાઈઝર કંપોસ્ટ ખાતર તેમજ વધુ ઉત્પાદન ક્ષેત્રમાં કરેલી કામગીરીની વિશેષ સરાહના કરીહતી. અભિનંદન પાઠવ્યા હતા. આ તકે એવોર્ડ સ્વીકારવા માટે મહુવા સુગરના ડીરેક્ટરો વિપુલભાઈ પટેલ, તુષારભાઈ પટેલ, સુનિલભાઈ પરમાર, રાકેશભાઈ પટેલ, બળવંતભાઈ આહિર, જીગરભાઈ નાયક, જીતુભાઈ વાંસિયા, તરૂણ પટેલ, નિકુંજ ઠાકોર, સવિતાબેન પટેલ, અમિષાબેન પટેલ, એમડી, એસ્ટેટ મેનેજર, એડમિનીસ્ટ્રેટીવઓફિસર વગેરે હાજર રહવા હતા.ન ડેવલોપમેન્ટ"એવોર્ડ થી સન્માનિત કરવામાં આવી. નેશનલ ફેડરેશન ઓફ કો.ઓ. સુગર ફેકટરીલિ. ન્યુ દિલ્હી દ્વારા દર વર્ષે નેશનલ એફીસીઅન્સી એવોર્ડ સુગર ફેકટરીઓને આપવામાં આવે છે. જેમાં ટેકનિકલ પરફોમન્સ, એકાઉન્ટસી બાબતો, વહીવટી બાબતો તેમજ શેરડી વિકાસ (કેન ડેવલપમેન્ટ) નીબાબાતોની સમીક્ષા કરીને જે - તે વિભાગમાં સારો દેખાવ સામે સારું પરિણામ આપનાર સુગર ફેકટરીઓને એવોર્ડ આપવામાં આવે છે. વર્ષ-૨૦૨૪-૨૫ના વર્ષનો નેશનલ એફીસીયન્સી એવોર્ડસમારંભ નવી દિલ્હી ખાતેના ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં ભારત સરકારના કન્ઝ્યુમર અફેર્સ અને ફુડ સપ્લાય વિભાગના મંત્રી પ્રહલાદ જોશીના મુખ્ય મહેમાન પદે તેમજ રાજયકક્ષાના ભારત સરકારના મંત્રી નિમુબેન બામભણીયાજીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વિવિધ ક્ષેત્રોના એવોર્ડ પૈકી સુગર ફેકટરીઓને લગતી મહત્વની બાબત કેન ડેવલપમેન્ટ (શેરડી વિકાસની) બાબતનો મહત્વનો એવોર્ડ મહુવા સુગરને આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુગર ફેકટરીને લગતા પ્રશ્નોની રજુઆતો નેશનલ ફેડરેશનના ચેરમેન પાટીલજીએ કરી હતી. કેન્દ્ર સરકારના મંત્રી પ્રહલાદ જોશીએ મુખ્ય મહેમાન પદેથી બોલતાંકહયું કે, આ પ્રશ્નોનું સમવસરનિરાકરણ થાયતેમ કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે વિશેષરૂપથી ગુજરાત રાજયનો ખાંડ ઉદ્યોગ સહકારી ક્ષેત્રમાં ચાલે છે. જેની ખૂબજ સરાહનાકરીહતી. અને અન્ય રાજયોને પણ ગુજરાતના સહકારી મોડેલને અનુસરવાનુંસૂચન કર્યુંહતું. તેમજ મહુવા સુગરને કેન ડેવલપમેન્ટમાં એવોર્ડ મળતાં મહુવા સુગરના સંચાલક મંડળના મારફતે છેલ્લાં કેટલાંક વર્ષોથી પાયલોટ પ્રોજેકટ ચલાવવામાં આવી રહયો છે. તેમાં શેરડીની નવી નીતિઓ, માવજત પદ્ધતિ, બાયોફર્ટીલાઈઝર કંપોસ્ટ ખાતર તેમજ વધુ ઉત્પાદન ક્ષેત્રમાં કરેલી કામગીરીની વિશેષ સરાહના કરીહતી. અભિનંદન પાઠવ્યા હતા. આ તકે એવોર્ડ સ્વીકારવા માટે મહુવા સુગરના ડીરેક્ટરો વિપુલભાઈ પટેલ, તુષારભાઈ પટેલ, સુનિલભાઈ પરમાર, રાકેશભાઈ પટેલ, બળવંતભાઈ આહિર, જીગરભાઈ નાયક, જીતુભાઈ વાંસિયા, તરૂણ પટેલ, નિકુંજ ઠાકોર, સવિતાબેન પટેલ, અમિષાબેન પટેલ, એમડી, એસ્ટેટ મેનેજર, એડમિનીસ્ટ્રેટીવઓફિસર વગેરે હાજર રહવાહતા.

આયુષ્માન ભવ: અભિયાન ફેઝ-૪ અંતર્ગત સામુહિક આરોગ્ય કેન્દ્ર- ચુડા ખાતે તા.૧૦ જુલાઈના રોજ આયુષ્માન આરોગ્ય શિબિર-નિ:શુલ્ક નિદાન કેમ્પ

આરોગ્ય શિબિર દરમ્યાન જરૂરી તપાસ સહિત લેબોરેટરી પરીક્ષણો અને દવાઓ તદ્દન વિના-મૂલ્યે પુરી પાડવામાં આવશે

કમલમ્,સુરેન્દ્રનગર

આયુષ્માન ભવ: અભિયાન ફેઝ-૪ હેઠળ જન-સમુદાયને ઉત્કૃષ્ઠ આરોગ્ય સેવાઓ મળી રહે તથા ગંભીર પ્રકારના જીવલેણ રોગોનું વહેલું નિદાન થાય અને ત્વરીતતબીબી સારવાર મળી રહી તે હેતુસર સી.યુ.શાહ મેડિકલ કોલેજ-સુરેન્દ્રનગરના ઉપક્રમે સામુહિક આરોગ્ય કેન્દ્ર-ચુડા ખાતે આગામી તા.૧૦.૦૭.૨૦૨૫, ગુરૂવારના રોજ સવારે૯.૦૦ કલાક થી૨.૦૦ કલાકસુધી "આયુષ્માન આરોગ્ય શિબિર-નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં સી.યુ.શાહ મેડિકલ કોલેજ-સુરેન્દ્રનગરના નિષ્ણાંત તબીબી ડોકટરોની ટીમ જેમાં ૧.ફીઝીશીયન તજજ્ઞ ૨. સ્ત્રીરોગ તજજ્ઞ ૩. બાળરોગ તજજ્ઞ ૪. જનરલ રાર્જરીનાતજજ્ઞ ૫.કાન-નાક-ગળા તજજ્ઞ ૬.આંખ રોગ તજજ્ઞ ૭. માનસિક રોગતજજ્ઞ ૮. ચામડીના રોગોના તજજ્ઞ ૯. ઓર્થોપેડિક તજજ્ઞ ૧૦, એનેસ્થેટીસ્ટ ૧૧. ડેન્ટલ તજજ્ઞ ટીમઅને સામુહિકઆરોગ્ય કેન્દ્રની આરોગ્ય ટીમ દ્વારા સવિશેષ સેવાઓપુરી પાડવામાંઆવશે. આ નિઃશુલ્ક કેમ્પ-આયુષ્માન આરોગ્ય શિબિર દિવસે સામુહિક આરોગ્ય કેન્દ્ર- ચુડા ખાતે વિવિધ પ્રકારની આરોગ્ય સેવાઓ જેવી કે જનરલ ઓપીડી, ઓપરેશનની સેવાઓ-ફેમીલી પ્લાનીંગના ઓપરેશન, માતાઅને બાળઆરોગ્ય સેવાઓ, આંખ, મોં, કાન, નાક, ગળા, પેટને લગતા રોગો, માનસિક રોગો, ચામડીના રોગો, લોહિની ઉણપ, બિન-આરોગ્યપ્રદ જીવનશૈલી આધારિત થતા બિન-ચેપી રોગો જેવા કે હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, હાઈ કોલેસ્ટ્રોલ, લકવા (સ્ટ્રોક), કિડની રોગો, મોંઢાના શંકાસ્પદ કેન્સર, સ્ત્રીઓમા જોવામળતાસ્તન અને ગભાંશયના મુખના શંકાસ્પદ કેન્સરના નિદાનની સેવાઓ સાથે સ્થૂળતા-મેદસ્વિતા ધરાવતા લોકોની બોડી માસ ઈન્ડેક્ષ આધારિત-BMI તપાસ, મહિલાઓમાં જોવા મળતા ગર્ભાશયના મુખના શંકાસ્પદ કેન્સરના ચિહ્નોની વહેલીઓળખ માટે પેપ સ્મીયર તપાસ, ઈઝ્ઞ્ય તપાસ તેમજ જરૂરી લેબોરેટરી પરીક્ષણો અને દવાઓ તદ્દન વિનામુલ્યે પુરી પાડવામાં આવશે. ચુડા ગામ અને તાલુકાના ગ્રામીણ વિસ્તારોના જરૂરીયાતમંદ લાભાર્થીઓને ઉત્તમ આરોગ્ય સેવાઓનો લાભ મળી રહે તે આશય સાથે જાહેર જનતાને આ કેમ્પનો અચૂક લાભ લેવા ચુડા સામુહિક આરોગ્ય કેન્દ્ર, અધિક્ષકશ્રીની અખબારી યાદીમાં જણાવાયુંછે. અત્રેઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય આરોગ્ય નીતિની પરિકલ્પના મુજબ મેડીકલ કોલેજોના અનુભવી નિષ્ણાંત તબીબી સેવાઓ-સહયોગ થકી ઉચ્ચ કક્ષાની તબીબી સારવાર તથા સેવાઓ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરવા સાથે પ્રાથમિક અને સેકન્ડરી કક્ષાએ આઉટરીચ સેવાઓને વધુ મજબૂત કરવાના હેતુથી 'આયુષ્યમાન ભવ: અભિયાન' ફેઝ-૪ અંતર્ગત મેડિકલ કોલેજની ટીમ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના વિવિધ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે માસના નિયત દર ગુરુવારે "આયુષ્માન આરોગ્ય શિબીર-નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવાની પહેલ કરવામાં આવી છે. જન-સમુદાયને વિવિધ આરોગ્ય સેવાઓ સાથે આરોગ્યલક્ષી યોજનાઓ વિશેની જાગૃતિ વધારવા દરેક ગામમાં સવિશેષ આરોગ્ય સંભાળ સેવાઓ નાગરિકો માટે ઉપલબ્ધ કરવાનાહેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા "આયુષ્માન ભવ: અભિયાન"નીયોજના અમલી બનાવી છે. જેના ભાગરૂપે ગુજરાતની જનતાના આરોગ્યની ચિંતા કરનાર અને લોકોના આરોગ્યની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ અને કટીબદ્ધ આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યમાં જન-સમુદાયની સક્રિય ભાગીદારી, સંકલન તથા સહભાગીદારીથી "આયુષ્માન ભવ: અભિયાન"નું સફળતાપુર્વક અમલીકરણ કરવામાં આવીરહ્યું છે.